# સહજ-સત્સંગ

અંક : ૨૪૯ વર્ષ : ૨૧ તંત્રી : માનસિંહભાઈ ચાવડા સપ્ટેમ્બર : ૨૦૦૯



આદિ સંકલ્પ



**મા મિરાંબિકા**

માતૃ-પ્રેમ પ્રકાશિનિ, અસુર-શક્તિ વિનાશિનિ ।
ચેતન-વિકાસ પ્રવર્તિનિ, માનવવંશ સુરક્ષિણિ ॥

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

## અવતરણો

(૧૯-મે-૧૯૧૪)

૧ આ મનોમય સ્વરૂપ એના આખાએ વ્યક્તિરૂપ અસ્તિત્વ દરમિયાન, સર્વ શક્તિઓને ક્રિયામાં મૂકી આપે તેની શક્તિ ધરાવતું હતું. તેનામાં તારા પ્રત્યે ગહન ભક્તિ હતી. મનુષ્યો માટે અપાર કરુણા હતી. જ્ઞાનને માટે તીવ્ર ઝંખના હતી. સંપૂર્ણતા માટે તે સાધના કરતું હતું. એ હવે વસ્તુને કશી પણ ગતિમાં મૂકતું નહોતું.

૨ આ સ્વરૂપમાંની કોઈક ચીજ અમુક સમયે, એકાંત અને પરમ નિરવતા માટે અભીપ્સા કરતી રહે છે, જેથી તે આ અસંતોષકારક સંક્રાંતિકાળમાંથી પોતે બહાર આવી જાય; અને બીજી કોઈક વસ્તુ એમ જાણતી હોય છે કે તારી ઈચ્છા છે કે આ કરણ સર્વ કોઈની સેવામાં સમર્પિત રહે - પછી ભલે તેના પોતાની સંપૂર્ણતા રચવામાં તે હાનિકારક દેખાતી હોય તો પણ.

૩ આ સ્વરૂપમાંનું કશુંક તને કહે છે : હું કાંઈજ જાણતું નથી, હું કાંઈજ નથી, હું કાંઈ કરી શકું એમ પણ નથી, હું અચેતનતાના અંધકારમાં અટવાએલું છું.

૪ અને બીજું કશુંક જાણે છે કે એ પોતે તું જ છે તે જ પરમ-પરિપૂર્ણતા છે.

૫ આ રીતની અવસ્થાનો અંત કેવી રીતે આવવાનો છે ? શું આ અચેતનતા છે ? સાચી ધીરજ છે ?

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

# સહજ-સત્સંગ

અંક : ૨૪૯ વર્ષ : ૨૧
સપ્ટેમ્બર - ૨૦૦૯

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80 G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.
કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ, એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી
**'મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ - રાજકોટ' - ના નામે મોકલશો.**
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)

## અનુક્રમણિકા

| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| પ્રાર્થનાઓ અને ધ્યાન | ૧ | અરવિંદોપનિષદ | ૩૦ |
| ધ્યાન | ૫ | રાષ્ટ્રિય શિક્ષણ | ૩૨ |
| માતૃવાણી | ૯ | સુંદર કથાઓ | ૩૫ |
| ગીતાનિબંધો | ૧૨ | વેદવિજ્ઞાન | ૩૬ |
| માનવવિકાસ ચક્ર | ૧૫ | ઉપનિષદોનું અમૃત | ૩૮ |
| સાવિત્રી | ૧૭ | આગામી - ભાવિ | ૪૨ |
| યોગ વિષે પત્રો | ૨૦ | પુદુચેરી આગમન શતાબ્દી | ૪૩ |
| ભારતીય સંસ્કૃતિના પાયા | ૨૩ | વિજ્ઞાન અને અધ્યાત્મ | ૪૫ |
| અતિમનસ | ૨૫ | | |

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# સંક્ષિપ્ત સુગમ સમજૂતી

- માનસિંહ ચાવડા

માતાજી પોતાની સાધના દરમિયાન જે આંતરિક મનોમંથન, આંતરવદની કે આત્મનિવેદન ચાલતું હોય છે, તેની વાત કરી રહ્યાં છે. દરેક સાધકના જીવનમાં આ આંતરિક ભાવ-પ્રવાહ વહેતો જ હોય છે. વેદો તેને 'વાક્' કહે છે.

માતાજીને પોતાના સ્વરૂપને ભૂતકાળનો એક તબક્કો યાદ આવે છે. એ વખતે તેમનું સ્વરૂપ વધારે બૌદ્ધિક કે મનોમય સ્વરૂપનું હતું. જીવનમાં ઉચ્ચ આદર્શો રાખવા, તે મુજબ નિસ્વાર્થભાવે કાર્ય કરવું, તે માટે પોતાની વિવિધ માનસિક શક્તિઓને વિકસાવવી, તેમને વધારે ને વધારે પૂર્ણતા બક્ષવી, માનવોનાં દુઃખો નિવારવાં, પ્રભુને પ્રાર્થના કરવી અને વ્યવહારિક પ્રયત્નો પણ કરવા આ બધાં ભૌતિક - આયોજનોનો તે વખતે તેમના સ્વરૂપ ઉપર પૂરતો પ્રભાવ હતો. પણ સાધનાનો તે તબક્કો પસાર થતાં ઉપર જણાવેલી બધી જ પ્રવૃત્તિઓ જાણે ધીમે ધીમે મંદ પડતી ગઈ. તેમના માટેનો આગ્રહ છૂટતો ગયો. માતાજીને તો એમ જ લાગે છે કે જાણે તેમનું તે આગ્રહી મનોમય સ્વરૂપ હવે શાંત થઈને પોઢી જ ગયું છે. હવે તે પોતાની વિવિધ ક્ષમતાઓને વ્યવહારમાં આગ્રહથી પ્રયોજતું નથી. આનું કારણ શું?

માતાજી જણાવે છે કે જીવન ઉગ્ર બની ગયું હતું અને આ સંઘર્ષોમાંથી નિવૃત્ત થવાનું તેનું વલણ બની ગયું હતું. તેને એમ લાગે છે કે તે એકાંતમાં ચાલ્યું જાય, નિરવતાને ધારણ કરે, તે દરમિયાન પોતાની ઘટી ગએલી શક્તિ અને ક્ષમતાઓનો સંચય કરે, તાજું બની જાય અને પછી ફરી આ વાસ્તવિક - જીવનનાં ઉગ્ર સંઘર્ષમાં ઝંપલાવે. આવો સંઘર્ષ તો એક સંક્રાંતિકાળનો તબક્કો છે, તેમાં ટકી રહેવા થોડો કાળ આ નિવૃત્તિનો આરામ જરૂરી છે. આ માતાજીનાં માનસિક સ્વરૂપની માગણી છે. માતાજીનો આ બાહ્ય - આત્મા છે.

માતાજીનો અંતરાત્મા અર્થાત્ આંતરિક શુદ્ધ તત્ત્વોનું સ્વરૂપ બીજી જ ભૂમિકા લે છે. તેની પ્રભુને પ્રાર્થના છે કે પ્રભુની ઈચ્છા એવી જણાય છે કે તે પોતાના વિકાસને અગ્રતાક્રમ ન આપે પણ અન્ય જીવોને પ્રભુ તરફ વાળવાનો પ્રયત્ન કરતું રહે. તે માટે તેનો પોતાનો વિકાસ ખોરવાઈ જતો હોય તો પણ

પરવા ન કરે કારણ આવી તપશ્ચર્યા દ્વારા જ તેનો આંતરિક વિકાસ સિદ્ધ થવાનો છે. તેના અંતરાત્માની આ માગણી છે.

માતાજીનો ચૈત્યપુરુષ અર્થાત્ ચૈતસિક - સ્વરૂપ આ બન્નેથી ભિન્ન એવી સમર્પણની ભૂમિકા લે છે. બાહ્ય આત્મા અને અંતરાત્મા પોતાના આયોજન અનુસાર પ્રભુનું કાર્ય કરવા માંગે છે. પણ માતાજીનું ચૈતસિક સ્વરૂપ જણાવે છે કે તેને ખરેખર શું કરવું એ તે જાણતું નથી. તે પોતાને તદ્દન કિંકર માને છે. પોતાને પૂરેપૂરું અજ્ઞાની માને છે. પોતાની નિર્ણય લેવાની અક્ષમતા જણાવે છે. તેનો બિલાડીના બચ્ચા જેવો સમર્પણનો જ ભાવ છે. તેને પોતે અચેતનના અંધકારમાં અટવાઈ ગયાનો ભાવ છે.

માતાજીનું આત્મિક સ્વરૂપ - જીવાત્માનો ભાવ આથી પણ અલગ છે. તે જાણે છે કે તે પ્રભુનો અંશ છે, તેથી તે જ છે તે પરિપૂર્ણ છે.

માતાજીનો કહેવાનો અર્થ છે કે દરેકને ચેતનાના સ્તર તરીકે આવી જુદી જુદી ભૂમિકાઓ અનુભવાતી હોય છે. દરેક જે તે તબક્કે સાચી છે પણ તે અંતિમ તો નથી જ.

માતાજી અંતે જણાવે છે કે તેનો બાહ્ય આત્મા અને અંતરાત્મા આને તમોગ્રસ્તતા તરીકે વર્ણવે છે અને તેનો ચૈત્યપુરુષ અને જીવાત્મા તેને સાધનામાં જરૂરી એક સાચી ધીરજ તરીકે વર્ણવે છે.

તેથી માતાજી આ તબક્કે નિર્ણય લે છે કે તે પોતે આ બધું શું છે તે જાણતા નથી અને પ્રભુ આ બાબતમાં તેમને ચોક્કસ માર્ગદર્શન આપશે એ શ્રદ્ધાથી તેઓ વાટ જોઈ રહ્યાં છે.

**પ્રિય વાચકમિત્રો**

લેખની શરૂઆતમાં મૂળ મહત્ત્વનાં થોડાંક અવતરણો આપી આપણાં સહજ-સત્સંગને વધારે વિશ્વસનીય અને લોકપ્રિય કરવા, આ નવલાં રૂપમાં **'સહજ-સત્સંગ'** પ્રકાશિત કર્યું છે. આપને તથા અભ્યાસુઓને આ કલેવર જરૂર ગમશે, તેવી શ્રદ્ધા છે.

**-ટ્રસ્ટી મંડળ**

# ધ્યાન

- જ્યોતિબેન થાનકી

સામાન્ય રીતે આપણી માન્યતા એવી હોય છે કે યોગ કરવો હોય તો વધારે સમય ધ્યાનમાં ગાળવો જોઈએ. જેમ ધ્યાન વધારે તેમ સાધના વધારે ઝડપી બને. ભગવાનનો સાક્ષાત્કાર કરવો હોય, દિવ્ય અનુભૂતિઓ પ્રાપ્ત કરવી હોય તો ધ્યાન કરવું જોઈએ, પણ ખરેખર ધ્યાન એટલે શું ? તે કેવી રીતે કરવું ? ક્યારે કરવું ? તેમાં શું કરવું ? આ અંગે અનેક પ્રશ્નો આપણી અંદર ઊઠતા હોય છે. પણ આપણે સાચી રીતે જાણતા ન હોવાને પરિણામે ઘણીવાર લાંબા સમય સુધી ધ્યાન કરતાં હોવા છતાં કંઈ પરિણામ મળે નહીં, એવું પણ બનતું હોય છે. શ્રી માતાજીએ બાળકોએ પૂછેલા પ્રશ્નોના ઉત્તરમાં, વાર્તાલાપો દરમિયાન ધ્યાન વિષે ઘણું માર્ગદર્શન આપ્યું છે, તે દ્વારા રૂપાંતરના યોગમાં ધ્યાન અંગેની સમજ આપણે મેળવી શકીએ છીએ. 'ધ્યાન' વિષે પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરમાં શ્રી માતાજીએ જે માર્ગદર્શન આપ્યું છે, તે આ પ્રમાણે છે.

**વધારે સમય ધ્યાનમાં બેસવાથી વધારે આંતરિક પ્રગતિ થાય ?**

વધારે સમય ધ્યાન ધરવાથી સાધના ઝડપી બને અને પ્રગતિ વધારે થાય આ માન્યતા સાચી નથી. માત્ર ધ્યાન ધરવાથી ચેતનાનું રૂપાંતર થતું નથી. શ્રી માતાજીએ બાળકો સાથેના વાર્તાલાપમાં કહ્યું હતું ''હું એવા માણસોને ઓળખતી હતી કે જેઓ કલાકો સુધી, લગભગ બધો જ સમય ધ્યાન કરતા હતા. તેઓ તેમનો સમય ધ્યાન કરવામાં ગાળતા હતા. પણ પછી જો કોઈ ઓચિંતા તેમને ધ્યાનમાં ખલેલ પહોંચાડે, જો તેમને કંઈક કરવું પડતું તો તેઓ ગુસ્સામાં ઉછળતા અને ગુસ્સાના આવેગમાં દરેકને ગાળો દેતા. એમનું વર્તન તો એવું બની જતું કે જાણે કદી પણ તેમણે ધ્યાન કર્યું ન હોય. તેઓ બીજા સામાન્ય માણસો કરતાં પણ અસહિષ્ણુ બની જાય.'' આ રીતે કલાકો સુધી ધ્યાન કરવા છતાં જ્યારે માણસો ધ્યાનમાંથી બહાર આવે ને પોતાનું ધાર્યું ન થાય ત્યારે કેમ વ્યગ્ર અને ઉગ્ર બની જતાં હશે ? આવો પ્રશ્ન પણ શ્રી માતાજીને પૂછવામાં આવ્યો હતો. ત્યારે તેમણે જણાવ્યું હતું કે ''આવું એટલા માટે બનતું કે તેઓ પોતાની જાતના બે ટુકડા કરતા. તેથી તેમનો આંતરિક ભાગ પ્રગતિ કરતો પણ બાહ્ય ભાગ ખરાબ બની જતો, કારણ કે તેની પૂરેપૂરી ઉપેક્ષા કરવામાં આવતી.''

આવું ધ્યાન કલાકો સુધી કર્યું હોય તો પણ સમગ્ર પ્રકૃતિના દિવ્ય રૂપાંતરમાં ઉપયોગી નીવડતું નથી. ઊલટાનું એથી તો માણસનો અહંકાર પુષ્ટ થાય છે. માણસ એવું માનવા લાગે છે કે તે કલાકો સુધી ધ્યાન કરી શકે છે અને વળી જો દિલની સચ્ચાઈ ન હોય તો પોતે રચેલાં માનસિક રૂપોને દિવ્યદર્શનો માનીને ભ્રમણામાં રાચતો થઈ જાય છે. એથી તો આધ્યાત્મિક વિકાસ ઝડપી બનવાને બદલે રુંધાઈ જાય છે. કલાકો સુધી બેસીને કરેલા ધ્યાનમાં પ્રયત્નોથી, મનને કદાચ એકાગ્ર કરી શકાય. પરંતુ બાકીના ભાગ-પ્રાણ અને શરીરને આવા ધ્યાનમાં મનના દબાણ હેઠળ નિષ્ક્રિય બનાવી દેવામાં આવે છે જેથી ધ્યાન દરમિયાન તેઓ ઉપદ્રવ ન કરે. પરંતુ જેવું ધ્યાન પૂરું થાય એટલે દબાણ હેઠળ રહેલા એ ભાગો મુક્ત બને છે અને મુક્ત બનતાં તેમની ક્રિયાઓ બમણા વેગથી થવા માંડે છે. શ્રી માતાજી આ વિષે સમજાવતાં કહે છે; ''ધ્યાન એ માત્ર મનની પ્રવૃત્તિ છે. એમાં આપણું મનોમય સ્વરૂપ જ ભાગ લેતું હોય છે. તમે ધ્યાન કરતી વખતે એકાગ્રતા કરી શકો છો, પણ એ માત્ર માનસિક એકાગ્રતા જ હોય છે. એમાં તમને એક નીરવતા મળી શકે છે, પણ એ માનસિક રીતની નીરવતા હોય છે. એમાં તમારા બીજા ભાગોને ધ્યાનમાં ભંગ ન પડે એટલા માટે સ્થિર અને નિષ્ક્રિય કરી દેવામાં આવતાં હોય છે. તમે દિવસનાં વીસ કલાક ધ્યાનમાં ગાળી શકો છો, બાકીના ચાર કલાક તમે સામાન્ય માણસ બની રહેશો; કેમકે આ ધ્યાનમાં માત્ર તમારું મન જ રોકાયેલું રહે છે. સ્વરૂપનો બાકીનો ભાગ દખલગીરી ન કરે એથી પ્રાણને અને શરીરને તમે દબાણ હેઠળ રાખી શકો છો. આમ સ્વરૂપના બીજા ભાગ ઉપર કંઈ સીધેસીધું કામ કરવામાં આવતું નથી. મેં મારા જીવનમાં એવા લોકો જોયા છે, તેમનામાં ધ્યાન કરવાની અસાધારણ શક્તિ હતી, પણ ધ્યાન સિવાયની બાબતમાં તેઓ સાધારણ માણસો હતા, ખરાબ માણસો પણ હતા.'' આ રીતે માત્ર મનની એકાગ્રતા સધાય એવું ધ્યાન આ યોગમાં પર્યાપ્ત નથી. ચેતનાનું આમૂલ પરિવર્તન કરવાનું હોઈને સક્રિય ધ્યાન આવશ્યક છે. શ્રી માતાજી ધ્યાન કોને કહે છે, તે આપણે જોઈએ.

**ધ્યાન એટલે શું ?**

સામાન્ય રીતે લોકો જેને ધ્યાન કહે છે, તેને શ્રી માતાજી ધ્યાન કહેતાં નથી. તેઓ કહે છે; ''લોકો જેને ધ્યાન કહે છે, તે એક એવા પ્રકારની સ્થિતિ હોય છે કે જેમાં કશું જ બદલાતું નથી. માણસો જે સ્થિતિમાં ધ્યાનમાં પ્રવેશે છે, એ જ સ્થિતિમાં એમાંથી બહાર આવે છે. એમનાં સ્વરૂપમાં કે ચેતનામાં કોઈ પ્રગતિ

થતી નથી. અંદર કે વિશ્વની અંદર કંઈ જ બદલાતું નથી. આ કારણથી શ્રી અરવિંદ સક્રિય ધ્યાનની વાત કહે છે, અને તે રૂપાંતરકારી હોય છે.

**સક્રિય ધ્યાન કેવી રીતે કરવું?**

ધ્યાન તો અનેક રીતે થઈ શકે છે. પણ સક્રિય ધ્યાનમાં શું કરવાનું હોય છે? આ પ્રશ્નના ઉત્તરમાં શ્રી માતાજીએ જણાવ્યું હતું કે તેમાં એક વિચાર લઈને તેની પાછળ પાછળ અમુક પરિણામમાં પહોંચવું, તે પ્રક્રિયા કરવાની હોય છે. તેઓ જણાવે છે કે કેટલાક લોકો પોતે ધ્યાન કરે છે, એ જાણ્યા વગર જ ધ્યાન કરતા હોય છે. કોઈ પ્રશ્ન ઉકેલવાનો હોય, કંઈ લેખન કરવાનું હોય, ત્યારે તેઓ આસન લગાવીને બેસી જતા હોય છે. તેઓ વિચાર કરતા હોતા નથી, પણ તેઓ એકાગ્રતા કરતા હોય છે. કોઈ એક બિન્દુ પર શક્તિ કેન્દ્રિત કરતા હોય છે. મનના, પ્રાણના કે શરીરના કોઈપણ બિન્દુ ઉપર કેન્દ્રિત થતાં અમુક ક્ષણે એ બિન્દુની આરપાર નીકળીને પછી બીજી જ ચેતનામાં પ્રવેશ થાય છે. આ છે સક્રિય ધ્યાન. ઘણાં લોકો પોતાનાં મગજમાંથી વિચારોને હાંકી કાઢીને મનને નીરવ કરીને શાંતિમાં પહોંચે છે, પરંતુ આ રીતે શાંતિ મેળવવી એ ઘણું જ મુશ્કેલ કામ છે.

**ધ્યાન માટેની સરળ પદ્ધતિ:**

શ્રી માતાજી ધ્યાન માટેની બીજી સરળ પદ્ધતિ બતાવે છે, ''બીજા પ્રકારનું ધ્યાન એવું છે કે જેમાં તમે બને તેટલાં શાંત રહો છો. તેમાં તમે વિચારોને અટકાવવાનો પ્રયત્ન કરતા નથી. કેમકે વિચારો તો યાંત્રિક છે. એને અટકાવશો તો આખી જિંદગી નીકળી જશે. વળી પરિણામ શું આવશે, એ પણ જાણી શકાતું નથી. એના કરતાં તમે તમારી ચેતનાને એકાગ્ર કરો. શાંત કરો. બાહ્ય વસ્તુઓમાં તમને રસ નથી, એમ માની તમારી જાતને તેમાંથી પાછી ખેંચી લો. અભીપ્સાની જ્યોત પ્રગટાવો અને તેમાં બધું હોમો. એ જ્યોત જેમ જેમ ઊંચે ચઢતી જાય તેમ તેમ તમે એમાં તદ્રુપ બનતા જાઓ. પછી તમારી ચેતના અભીપ્સાના અંતિમ બિંદુએ પહોંચી જાય છે. આમાં તમે કોઈ જ વિચાર કરતા નથી. તમારી અભીપ્સા ઊંચે ચઢતી રહે છે. ચઢતી જ રહે છે, અખંડ એકાગ્રતામાં એ વધુ ને વધુ તીવ્ર બનતી રહે છે. હું તમને ખાતરી આપું છું કે એ વખતે જે વસ્તુ બનતી હોય છે, એટલે કે જ્યારે તમે આ વસ્તુ કરી રહ્યા હો છો; તે ક્ષણે તમારી શક્યતાઓનું ઊંચામાં ઊંચું શિખર સર થતું હોય છે.''

**ધ્યાનમાં શું કરવાનું હોય છે?**

ધ્યાનમાં શું કરવું જોઈએ? એ વિષે માર્ગદર્શન આપતાં શ્રી માતાજીએ

કહ્યું હતું : '' મનની ચંચળતા સ્થિર કરવી. બુદ્ધિને શાંત કરી દેવી. નિષ્તરંગ સરોવર જેવી, જેમાં એક પણ લહેર ન હોય, તમારું આખું સ્વરૂપ શાંત હોય, નાડીઓ તૃપ્ત હોય, અને ચેતના નિતાંતપણે એકાગ્ર હોય..... કુદરતી રીતે, સ્વાભાવિકપણે ત્યારે તમે આનંદપૂર્વક એક વધુ સઘન ધ્યાનાવસ્થામાં પ્રવેશ કરો છો.'' શ્રી માતાજી આવી ધ્યાનની સ્થિતિને પ્રગતિની નિશાની ગણાવે છે. આવી સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે આપણે સાધનામાં કંઈક મેળવ્યું કહેવાય. અને પછી તો એવી સ્થિતિ પ્રાપ્ત થાય છે કે જેમાં ધ્યાનને રોકવા માટે પ્રયત્ન કરવો પડે. એટલે કે સામાન્ય ચેતનામાં નીચે આવવું મુશ્કેલ બની જાય છે. બધો જ વખત આ ધ્યાન ચાલતું રહે છે.

**ધ્યાન એટલે ભગવાન સાથેની એકતા**

આ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે, ''તમે ધ્યાન કરવા બેસો કે પછી તમે હરોફરો ને તમે કામકાજ કરતા રહો, પછી એ બધી સ્થિતિમાં તમારે કરવાની વસ્તુ તો એક જ છે, તે છે ભગવાનની ચેતનાની અખંડ અનુભૂતિ.'' ધ્યાન બંધ કરવું એનો અર્થ એ કે ભગવાનથી દૂર જવું, ભગવાનની ચેતના સાથેનો સંપર્ક છૂટી જવો. ચેતનાની ઊર્ધ્વ સપાટી પરથી નીચે ઊતરવું. જ્યારે માણસ ભગવાનની ચેતના સાથે સતત હોય ત્યારે જ અવિરત ધ્યાનની સ્થિતિ પ્રાપ્ત થાય છે - પછી તે માણસ ભલે બહારથી કામના ઢગલાથી દટાયેલો લાગે. શ્રી માતાજી કહે છે, ''તમે ગમે તે કામમાં પરોવાયેલા હો, પણ ધ્યાન સવારથી સાંજ સુધી સ્વાભાવિક રીતે જ ચાલુ રહે, ત્યારે પ્રગતિ કરી કહેવાય. પ્રભુની સાથે એકતામાં રહો. ફક્ત ધ્યાનમાં જ નહીં, પણ સર્વ સંજોગોમાં અને સર્વ પ્રવૃત્તિઓમાં.''

ભગવાન સાથેની એકતા સ્થાયી બને એ જ અખંડ ધ્યાન છે. શ્રી માતાજીએ આ ઐક્ય સ્થાપવા માટેની પદ્ધતિ બતાવી છે. તેઓ કહે છે ; ''તમારી સમગ્ર ચેતનાને તમારા હૃદયનાં કેન્દ્રમાં એકાગ્ર કરો. તમારા હૃદયની અંદર ઊંડે ઊંડે ઊતરો. જેટલા ઊંડે જવાય ત્યાં સુધી જાઓ, જ્યાં સુધી જઈ શકાય, ત્યાં સુધી એમાં ડૂબકી મારો. તમારી ચેતનાના જે તાંતણાઓ સર્વત્ર પ્રસરી રહ્યાં છે, તેને એકાગ્ર કરો. અને તેમાં ડૂબી જાઓ. ત્યાં અંતરના ઊંડાણમાં એક દિવ્ય અગ્નિ ચેતે છે. એ અગ્નિ જ તમારામાં રહેલા ભગવાનનો અંશ છે. એ જ તમારી સાચી સત્તા છે. એના સાદને સાંભળો અને તેના આદેશને અનુસરો.'' આ રીતે અંતરમાં રહેલા ભગવાનના અંશનો સંપર્ક કરવો અને પછી એની સાથે એકરૂપ બની રહેવું એ જ સાચું ધ્યાન છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

(માતૃવાણી-૩ પૃ. ૬૩ - ૭૪)

૧ વિશ્વની સમગ્ર લીલા એક સળંગ સાંકળ જેવી છે. તેનો એક એક અંકોડો ન દેખી શકાય તેવી રીતે બીજામાં મળી ગએલ છે. કોઈ પણ એક ભાગને - પોતે જ પોતાનું મૂળ કે આદિ હોય તે પ્રમાણે સમજૂતી આપી શકાય તેમ નથી. - પૃ. ૬૩

૨ તમે કહી શકો કે પ્રત્યેક વ્યક્તિગત ચેતના વિરાટની અનંત ગતિમાં એક દૃષ્ટિએ જે તેની પોતાની તરફની વિકૃતિ કહેવાય અથવા જે તેનો પોતાનો વિશિષ્ટ ગુણ કહેવાય એવું કંઈક ઉમેરે છે. પૃ. ૬૪

૩ પ્રાણમય ભૂમિકાથી ખૂબ ઊંચે અને તેની અસરથી તદ્દન અલિપ્ત એવી મનોમય ભૂમિકાઓ છે... પરંતુ બીજી એવી ભૂમિકાઓ છે.... જેમને પ્રાણમય સત્ત્વો સ્પર્શી શકે છે. પૃ. ૬૬

૪ ચૈત્યલોક અર્થાત્ અંતરાત્માની ભૂમિકા, એટલે ભગવાનની દિવ્ય ચેતનાની સીધે સીધી અસર તળેની ભૂમિકા, ત્યાં વિરોધી શક્તિઓની અસર રજમાત્ર પણ પહોંચી શકતી નથી. પૃ. ૬૭

૫ ચૈત્ય ભૂમિકા વ્યક્તિગત આવિર્ભાવની ભૂમિકા છે...... જયારે આપણે આધ્યાત્મિક ભૂમિકા વિષે બોલીએ છીએ ત્યારે ભગવાનની પોતાની દિવ્ય ચેતનામાં કેન્દ્રીભૂત થએલ ચેતનાનો વિચાર કરીએ છીએ. પૃ. ૬૯

૬ વિશુદ્ધ વિચારોની એક એવી સૃષ્ટિ પણ છે, જેમાં વિચારોએ કશો આકાર લીધેલો હોતો નથી. પૃ.૭૦

૭ તેમને (વિરોધી શક્તિઓને) અહીં રહેવા દેવામાં આવે છે. કારણ પ્રભુના મહાન કાર્યમાં તેમની જરૂર છે. તેમની અગત્ય અનિવાર્ય જેવી નહિ રહે, એટલે કાં તો તેમનું રૂપાંતર થશે યા તો તેમનો વિલય થઈ જશે. પૃ.૭૨

**સંક્ષિપ્ત સુગમ સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી, આપણી સંકલ્પ - શક્તિ જો વિરાટની સંકલ્પ - શક્તિનો જ અંશ હોય તો પછી શું વ્યક્તિમાં પોતાની સર્જન શક્તિ કે નવારંભ શક્તિ જ નથી ? શું તે ફક્ત એક નોંધ લેનાર યંત્ર જ છે ?

તમારી ચેતનાની કક્ષા અનુસાર તમારું દર્શન અને અનુભવ બદલાય છે. વિશ્વની લીલા એક સળંગ સાંકળના અનેક અંકોડા જેવી છે. કોઈ પણ અંકોડો સાંકળથી છૂટો પાડી શકાતો નથી કે પોતે જ પોતાનું મૂળ છે એવી સમજૂતી પણ આપી શકાતી નથી.

કોઈ વસ્તુ અભાવમાંથી જન્મતી નથી. એટલે તેનો સાચો સર્જક કોઈ વ્યક્તિ બની શકતી નથી. પણ મૂળભૂત સર્જક-શક્તિ સાથે આંતરિક રીતે એકરૂપ બની તે તેમાં સહભાગી જરૂર બની શકે છે. અવ્યક્તને વ્યક્ત કરવું એ જ પ્રક્રિયા ચાલુ હોય છે અસ્સલ સર્જન શક્ય નથી. વળી વ્યક્તિમાં પણ અનેક વ્યક્તિતા છે. દા.ત. ચૈતસિક, માનસિક, પ્રાણમય, સૂક્ષ્મપાર્થિવ, ભૌતિક - આમાંથી કોને સાચો સર્જક ગણશો ? એકને કે બધાને સામૂહિક રીતે ? મન જ પોતાની સીમિતતાને કારણે કહે છે ''આ વસ્તુની અહીં શરૂઆત થઈ, અહીં અંત આવ્યો'' આ ભેદબુદ્ધિ જ ભ્રમ છે. જગતમાં તો અદ્વૈત જ છે. પણ અનંતરૂપે પ્રગટ થવા માટે આ અદ્વિતીય ચેતનાએ જ વિવિધ રૂપોમાં અલગતાનો ભાવ પૂર્યો છે. તેથી તેને એક જ અખંડ વસ્તુ પોતામાં પ્રગટ થતી અને વિલીન થતી લાગે છે, તેને તેનો આરંભ અને અંત લાગે છે. દરેક વ્યક્તિ વિરાટની અનંત ગતિઓને પોતાની રીતે ધારણ કરે છે. આ 'પોતાની રીત જ'' તેને અલગતાની, વિશિષ્ઠતાની, નવા આરંભ અને વિનાશની છાપ ઊભી કરે છે. પણ આ અલગતાની ભાવના દરેકમાં જુદી જુદી તીવ્રતાની હોય છે. સાધક તરીકે તેના ત્રણ પ્રકારો વર્તાય છે.

(૧) તેઓ પોતાને અજ્ઞાનવશ સંપૂર્ણ અલગ અને સ્વતંત્ર માને છે. આ સહુથી વધારે ગાઢ અજ્ઞાનનો પ્રદેશ છે. તેમાં સ્વતંત્ર કર્તાભાવ હોય છે.

(૨) બીજા વિશ્વને એક નાટક ભ્રમ સમજીને પોતાનો રોલ કર્તવ્ય બુદ્ધિથી નિભાવે છે. આમાં નિમિત્ત, કરણ તરીકેનો ભાવ હોય છે.

(૩) યોગીઓને સમગ્ર વિશ્વના ગતિની દિશાનું સંપૂર્ણજ્ઞાન હોય છે. તેઓ દિવ્ય-ચેતનામાં રહી અદ્વૈતને અનુભવતા હોય છે. આમાં પોતે દિવ્ય-ચેતના તરીકે કર્તા છે. વ્યક્તિ ચેતના તરીકે નિમિત્ત છે એવો સંયુક્ત પણ સુસંવાદી ભાવ હોય છે.

માતાજી, શું મનોમય ભૂમિકા ઉપર પણ પ્રાણમય ભૂમિકા જેવી વિરોધી શક્તિઓ છે?

બેટા, મનનો પ્રદેશ અતિ વિશાળ હોઈને તેનાં પણ અનેક સ્તરો છે. દા.ત. મન, ઊર્ધ્વમન, પ્રકાશમય મન, આંતર - પ્રેરણાત્મક મન, અધિમનસ વગેરે. આ સિવાય મનનો પ્રદેશ પ્રાણમય અને સૂક્ષ્મપાર્થિવ, પાર્થિવ અને અવચેતનમાં - અચેતનમાં પણ પ્રવેશીને રહેલ છે. આ પ્રદેશોમાં પ્રાણમય સત્ત્વો પ્રવેશીને ઉત્પાત મચાવી શકે છે. પણ જેમ જેમ ઊર્ધ્વમનથી ઉપર જઈએ તેમ તેમ તેમનો પ્રભાવ ઘટતો જઈ નામશેષ થઈ જાય છે. છતાં મનોમય કક્ષાના અસુરો સ્વરૂપે અદિવ્ય-શક્તિઓ છે જ. પ્રાણમય કક્ષાએ તેમને રાક્ષસ કહેવાય છે. સૂક્ષ્મ પાર્થિવ કક્ષાએ ભૂતપ્રેત, અસુરો વધારે બળવાન હોય છે.

માતાજી, ચૈત્યલોકમાં વિરોધી-શક્તિઓ હોય છે?

ચૈત્યલોક પ્રભુના સીધેસીધા પ્રભાવ હેઠળ હોવાથી ત્યાં અસુરો પણ પહોંચી શકતા નથી. ચૈત્યપુરુષ એ પ્રભુનું રહેઠાણ સ્વરૂપ છે. તે આપણામાંનો ભગવદ્ - અંશ છે. તેથી તેની ઉપર આસુરી-શક્તિ હતબળ નીવડે છે.

વિશુદ્ધ-વિચારોની પણ અલગ સૃષ્ટિ છે. તેમાં શબ્દનો અર્થ પોતાની મેળે સ્પષ્ટ રીતે સમજાઈ જાય છે. તેને બીજા શબ્દોથી વર્ણવવો જ પડતો નથી, કારણ તેમાં બે મન વચ્ચે પૂર્ણ સંવાદમયતા, એકતા સ્થપાયેલી હોય છે. તે મનબુદ્ધિના પાછળ રહેલ અવ્યક્ત ચિત્તની એકરૂપતા સ્વરૂપ હોય છે. ચિત્તમાં શબ્દવિહીન પ્રતિબિંબ પડે છે જે સાચી સમજણ આપે છે. માનસિક-નિરવતા નિર્માણ કરશો તો તમારું ચિત્ત પોતે પ્રતિબિંબ ઝીલવા માંડશે. ચિત્ત દ્વારા જ પ્રજ્ઞા-શક્તિ કાર્ય કરતી હોય છે. ત્યારે મનની અલગતાની ભાવના વિલીન થઈને વૈશ્વિક એકતામાં જીવો છો. એકરૂપતામાં જીવો છો. વ્યક્તિગત અલગતા ત્યાં ભૂંસાઈ જાય છે અથવા ગૌણ અને ઉપરછલ્લી આભાસી લાગે છે. તેવી એકરૂપતામાં તમે અન્યના વિચારો પણ જાણી જાઓ છો.

માતાજી, એવો સમય આવશે કે જ્યારે વિરોધી શક્તિઓ જ નહિ રહે?

હા, જ્યારે ઉત્ક્રાંતિમાં તેમની જરૂર નહિ રહે ત્યારે તે વિલીન થઈ જશે. તેઓ કસોટી કરનારાં, પરીક્ષા લેનારાં તત્ત્વો છે જે તમારી નબળાઈઓને પ્રગટ કરે છે. તમારા આધ્યાત્મિક પાયાને વધારે વિશાળ, મજબૂત અને સંપૂર્ણ કરે છે. આ કાર્યની જ્યારે જરૂર નહિ પડે ત્યારે તેઓ રૂપાંતર પામી જશે અથવા વિલીન થઈ જશે.

માતાજી, તે ક્યારે થશે?

તેનો આધાર તમારી ચેતનાના સ્તર ઉપર છે, જે વિશિષ્ઠ - દૃષ્ટિબિંદુ રચે છે. ભાગવત ચેતનામાં કાલગણના નથી ત્યાં તો સનાતન અખંડ કાળ છે. તેથી ત્યાં કાલગણનાને મહત્ત્વ જ નથી. તમે અનંતતા અને સનાતનતામાં રહો છો. માનવી - સુલભ ઉતાવળ હોતી નથી. ત્યાં બધું પહેલેથી જ નિશ્ચિત હોય છે. તેથી ઉત્સુકતા, ઈન્તેજારી જેવું કાંઈ હોતું જ નથી. ત્યાં ફક્ત નિરપેક્ષ સાક્ષી ભાવ જ હોય છે. બહુ કર્મણ્યતા, એ પ્રાણમય અજ્ઞાનને પોષ છે, જેમાં પોતે ખૂબ જ મહાન કાર્ય કરી રહ્યો છે એવો ભ્રમ સેવાતો હોય છે.

સાચી ચેતનામાં કર્તાભાવથી ઉપર શાંતિ, અક્ષુબ્ધતા અને નીરવતામાં જ સાચી સર્જકતા આવે છે, કારણ ત્યારે જ પ્રભુની પ્રેરણાઓને આપણે શુદ્ધ રીતે ઝીલતા થઈએ છીએ.

ખોટી દોડધામ એ કર્મ નથી કે નથી જીવન. નીરવતા શાંતિમાં જ સાચું દિવ્ય-કર્મ થાય છે. સાચું જીવન-જીવાય છે. આ નીરવતા અને શાંતિ ચૈતસિક કક્ષાની હોય છે.

પ્રભુની સાચી ચેતનામાં પ્રવેશવાથી જ સાચા કર્મો થાય છે.

# ગીતાનિબંધો

- શ્રી અરવિંદ

૧ બુદ્ધિનો સ્વભાવ જ એવો છે કે તે એકતરફી અધૂરા નિર્ણયને, વિચારને કે સિદ્ધાંતને પકડી લે છે, પોતે તેની પક્ષકાર બને છે. પૃ.૩૨

૨ ગીતાના ભાષ્યકારોમાં કેટલાક એવા છે જેઓ એમ કહે છે કે ગીતા આપણને કર્મ કરવાની નહિ પરંતુ કર્મનો અને જગતનો પણ ત્યાગ કરવાની સાધના શીખવે છે. પૃ.૩૩

૩ કેટલાક લોકો ગીતાનો સમગ્ર સિદ્ધાંત ભક્તિ હોય એ રીતે એને ઘટાવે છે. પૃ.૩૩

૪ આજના જમાનાના આધુનિક માનસે..... ગીતામાં રહેલા જ્ઞાનભક્તિનાં તત્ત્વોને ગૌણ ગણવાનું અને ... કર્મયોગનું જ શાસ્ત્ર એ પ્રમાણે માનવાનું વલણ વધારે આગળ પડતું થતું ગયું છે. પૃ.૩૪

૫ ગીતા વ્યવહારનીતિનું શાસ્ત્ર નથી, પરંતુ આધ્યાત્મિક જીવનનો ગ્રંથ છે. પૃ. ૩૫

૬ જગતમાં..... આચારના બે જુદા જુદા નિયમો રહેલા છે. તેમાંના દરેક પોતાની ભૂમિકા પૂરતો સાચો છે..... એક બાહ્ય અવસ્થાના ઉપર - આધાર રાખનારો નિયમ..... અને અંતઃકરણની હસ્તી ઉપર આધાર રાખનારો નિયમ. પૃ.૪૦

૭ માનવની જે બે ભૂમિકાઓ વચ્ચે કલહ જાગ્રત થાય છે, તેમનાથી ઊંચે જવાનું ગીતા આપણને શીખવે છે. પૃ.૪૦

૮ ગીતાનો પરમ બોધ..... આપણે શોધવા જવું પડે તેમ નથી..... (તે છે) મારામાં મન રાખ, મારો ભક્ત થા, સર્વ કર્મો યજ્ઞરૂપે મને અર્પણ કર..... પૃ.૪૨-૪૩

**સંક્ષિપ્ત સુગમ સમજૂતી - માનસિંહ ચાવડા**

## ઉત્તમ રહસ્ય

પ્રકરણ - ૭

પોતે એક વ્યક્તિ હોઈને વ્યક્તિગત ચેતના જ પોતાની વાસ્તવિક-ચેતના છે, આ ભ્રમ ભાંગવાનો પ્રયત્ન શ્રીકૃષ્ણ કરી રહ્યાં છે. વ્યક્તિગત ચેતના વૈશ્વિક-ચેતનાનું અનંત આવિર્ભાવ-કેન્દ્રોમાંનું એક આવિર્ભાવ-કેન્દ્ર માત્ર છે એ જ સાચી વાસ્તવિકતા છે. તેના વિચારો, ભાવનાઓ અને કર્મ ખરેખર, તો તે વૈશ્વિક-ચેતનાના વિચારો, ભાવનાઓ અને કર્મો છે. આ વ્યક્તિગત કેન્દ્રના વિકાસ માટે હાલપૂરતી જે સ્વતંત્રતા અને અલગતાની ભાવના રચવામાં આવેલી તે વાડ વ્યક્તિવિકાસ થયા બાદ ભાંગી નાખવી પડે છે. તે વાડ એટલે આપણો વ્યક્તિગત અહંકાર.

આ અહંકારમાંથી મુક્તિની ક્ષણ હવે આવી ગઈ છે. અહંકારથી કરેલાં કર્મો અહંકારને વધારે બળવાન બનાવે છે. તેની રચનાને વધારે મજબૂત બનાવે છે. તેથી તે

ઉપાય હવે નિરુપયોગી બની જાય છે. તો શું કર્મોનો ત્યાગ કરવો ? પણ તે શક્ય જ નથી. શ્વાસ લેવો એ પણ કર્મ છે. કર્મના ક્ષેત્રની બહાર આપણે જીવીએ છીએ ત્યાં સુધી જઈ શકતા જ નથી. તો પછી શું અહંકારમાંથી મુક્ત થવાનાં ઉપાય જ નથી ?

શ્રીકૃષ્ણ કહે છે કે એવો માર્ગ છે અને અર્જુને તે માર્ગને જ હવે અનુસરવો જરૂરી છે. તે માટે અર્જુન પ્રથમ ભલે મોક્ષ કે મુક્તિ મેળવવા પોતાનું સમગ્ર ધ્યાન અને સંકલ્પ-બળ કેન્દ્રિત કરે. તેથી તેને આત્મતત્ત્વનાં યર્થાથ સ્વરૂપનો અનુભવ થશે અને સાથે સાથે તે તત્ત્વ પોતાનો આવિર્ભાવ કરવા કેવી રીતે પ્રવૃત્ત થએલ છે, તેનું પણ તેને ભાન થશે. તે ઘટના જ તેને તે અનુસાર કર્મ કરવા પ્રેરશે. આને જ કહેવાય છે પ્રજ્ઞાના માર્ગદર્શન નીચે દિવ્ય-કર્મો કરવાં. આધ્યાત્મિક જીવનની શરૂઆત જ મુક્તિ મેળવવાના પ્રયત્નોથી થાય છે.

મુક્તિ મળતાં જ અર્જુનને ખ્યાલ આવશે કે અખિલ બ્રહ્માંડમાં જે વિરાટ જીવન પ્રગટી રહ્યું છે તે કોઈ વ્યક્તિની કામનાઓ, ઇચ્છાઓ સંતોષવા નિર્માણ થએલ નથી. તો પછી તે વિરાટ-જીવનના અંશ સ્વરૂપ તે વ્યક્તિનું જીવન તેની કામનાની પૂર્તતા કરવા માટે છે એમ કેવી રીતે માન્ય કરી શકાય ? તેથી આપણા સુખોપભોગ માટે આપણું જીવન છે આ ખ્યાલમાંથી મુક્ત થવું જ પડશે.

બીજો ખ્યાલ અર્જુનને આવશે કે તેનાં કાર્યો વૈશ્વિક - પ્રકૃતિનાં જે વિશ્વવ્યાપી કાર્ય ચાલી રહ્યું છે તેના ભાગ સ્વરૂપ છે. તેના વિચારો, ભાવનાઓ, કર્મો તેના જ ભાગ સ્વરૂપ છે. તેનું બાહ્ય સ્વરૂપ વિશ્વપ્રકૃતિનો જ અંશ છે અલગ નથી.

ત્રીજો ખ્યાલ એ આવશે કે તે જેને પોતાનો વ્યક્તિગત જીવ કે આત્મા સમજે છે તે પણ વિશ્વાત્માનો જ અંશ છે અને અનંત વ્યક્તિઓ તે વિશ્વાત્માની અભિવ્યક્તિ સ્વરૂપ હોવાથી તેણે બધાં જ વ્યક્તિસ્વરૂપો સાથે એકરૂપતા સાધવી જ પડશે. તેની અલગ-વ્યક્તિતા પ્રથમ એક અચલ વિશ્વાત્મામાં, એક અનંત નિર્વ્યક્તિતામાં નિર્વાણ પામે છે આને કારણે તેના જીવનમાં જે એક અનાસક્તિનો ભાવ જન્મશે તે જ ભવિષ્યમાં થનારા દિવ્ય-કર્મોનો પાયો રચે છે. આવી નિર્વ્યક્તિતા જ વૈરાગ્યનું જન્મસ્થાન છે, કારણ તે અહંકારમાંથી મુક્તિની સ્થિતિ હોય છે. અહંકાર વ્યક્તિતા વિના જીવી શકતો નથી.

આ રીતે નિર્વ્યક્તિતામાં જીવવાની ટેવને કારણે અર્જુનને આત્મા અને પ્રકૃતિના સાચા સ્વરૂપનો ખ્યાલ આવવા માંડે છે, કારણ ત્યાં અહંકાર તેની સમજણને અજ્ઞાન કે પૂર્વગ્રહોથી બગાડી શકતો નથી. આને જ પ્રભુને તત્ત્વતઃ જાણવા એમ કહે છે. પણ આ નિર્વ્યક્તિતા અર્થાત્ અક્ષર-પુરુષની અનુભૂતિ પણ અંતિમ નથી. કારણ અહીં પણ આત્મતત્ત્વ અને પ્રકૃતિ વચ્ચેનો ભેદ તીવ્રતાથી અનુભવાતો હોય છે. આ ભેદ છે ત્યાં અજ્ઞાન હોય છે. પછી તે ભલે આછુંપાતળું હોય. આ ભેદ વટાવતા જ યોગી પુરુષોત્તમ ચેતનામાં પ્રવેશે છે. પુરુષોત્તમ ચેતનામાં પ્રવેશતા વ્યક્તિ-સ્વરૂપ મિથ્યા કે આભાસી લાગતું નથી પણ સત્ય લાગે છે અને તેની દ્વારા પુરુષોત્તમ પ્રગટ થવા મથી રહ્યાં છે એવું લાગે છે. આ પુરુષોત્તમ ચેતનાને પ્રગટ કરવા પોતાના વ્યક્તિ-સ્વરૂપને એક સાધન તરીકે

ધરી દેવું એ જ યજ્ઞભાવનાની શરૂઆત છે. આ વ્યક્તિસ્વરૂપ હવનકુંડમાં જ વિચારો, ભાવનાઓ, કર્મોની સતત આહુતિ અપાઈ રહી છે, એવો યજ્ઞકર્તાનો ભાવ યોગીમાં દૃઢ થતો જાય છે. યોગી પોતે પ્રભુનું માધ્યમ બની જાય છે. આ અક્ષરપુરુષ સ્વરૂપ નિષ્ક્રિય પાસુ અને ક્ષર-પુરુષ સ્વરૂપ સક્રિય-પાસુ બન્ને પાસામાં યોગી એક જ સમયે જીવવાની શરૂઆત કરે છે. આ સમન્વય એ જ પુરુષોત્તમ-ચેતના છે.

આવી અવસ્થામાં આત્મતત્ત્વ અક્ષર પુરુષ તરીકે નિરાકાર, નિષ્ક્રિય, અસીમ બની રહે છે અને ક્ષરપુરુષ તરીકે સાકાર, સક્રિય, સીમિત પણ બની રહે છે. તાર્કિક રીતે લાગતા આ બધા વિરોધાભાસો અહીં ખરી પડે છે. અહીં રહે છે ફક્ત આત્મતત્ત્વ, કેવળ આત્મા, કૈવલ્ય માત્ર. અહીં પ્રકૃતિ અને પુરુષનો ભેદ આત્માની સક્રિયતા અને નિષ્ક્રિયતા તરીકે અનુભવાય છે. અને બન્નેનો સમન્વય થઈ કેવળ આત્મસ્વરૂપ બાકી રહે છે આને જ કૈવલ્ય કહેવાય છે.

આ રીતે શ્રીકૃષ્ણ ક્ષર અને અક્ષર તથા પુરુષ અને પ્રકૃતિનાં ભેદોને વટાવી જવા અર્જુનને માર્ગદર્શન આપે છે.

શ્રીકૃષ્ણ જણાવે છે કે આપણી પ્રકૃતિ જે આત્મતત્ત્વથી અલગ લાગે છે તે અપરા પ્રકૃતિ છે. પરા-પ્રકૃતિ આથી ભિન્ન છે. તે આત્મતત્ત્વની જ શક્તિ છે. આત્મશક્તિ જ છે. તેથી તે આત્મતત્ત્વથી ભિન્ન નથી. અપરા પ્રકૃતિ એ પરાપ્રકૃતિનું વિકૃત અને અશુદ્ધ સ્વરૂપમાત્ર છે. તે અલગ પ્રકારની પ્રકૃતિ નથી.

આમ, આત્મા અને પ્રકૃતિ એક જ સત્તાનાં, સત્‌નાં બે પાસા સ્વરૂપ છે. પણ સક્રિય અવસ્થામાં તેઓ અલગ અલગ દેખાય છે. એક ઈશ્વર તરીકે, બીજું તેની શક્તિસ્વરૂપે. ઈશ્વર પોતાની આ દિવ્ય-શક્તિની મદદથી વિવિધરૂપે પ્રગટ થવા જે સંકલ્પ શક્તિમાં વાવે છે તે જ તે શક્તિનો 'સ્વભાવ' બની જાય છે. સ્વ+ભાવ એટલે પોતાને આવિર્ભાવ કરવાનો સંકલ્પ. આ આવિર્ભાવ પામવાનો સંકલ્પ જ બધાં કર્મોની ગંગોત્રી છે. તે કર્મોથી સતત પોતાના સ્વરૂપને બદલતી પ્રકૃતિ ક્ષર સ્વરૂપે ભાસે છે. ચંચળ અને અખંડ રીતે વલોવાતી લાગે છે. તેથી તેની પાછળ રહેલી પુરુષોત્તમ-ચેતના ગુપ્ત અને ગૂઢ લાગવા માંડે છે. તે મહેશ્વરને પ્રગટ કરવા જ પ્રકૃતિ વલોવાતી હોવાથી તે તેનો આત્મયજ્ઞ બની જાય છે. અને પુરુષોત્તમ તે પ્રકૃતિમાં વસતો વાસુદેવ, તે યજ્ઞનો ભોકતા બની જાય છે. આ મહેશ્વરને જાણવા એ જ્ઞાન કહેવાય છે અને તે પ્રકૃતિ દ્વારા કેવી રીતે આવિર્ભાવ પામી રહ્યો છે તે જાણી લેવું તેને વિજ્ઞાન કહે છે. આમ જ્ઞાનવિજ્ઞાનને સાથે જાણવા તેને જ 'સમગ્ર મામ્' જાણવો એમ શ્રીકૃષ્ણ જણાવે છે.

હવે અંતિમ ચરણમાં સહુથી ગૂઢ અને અતિ મહત્ત્વ ધરાવતી વિદ્યા, 'રાજવિદ્યા રાજગુહ્યમ્' વિશે શ્રીકૃષ્ણ જણાવે છે. શ્રીકૃષ્ણ કહે છે આપણી આ અશુદ્ધ પ્રકૃતિને શુદ્ધ અને દિવ્ય કરવા અર્થાત્ પરા પ્રકૃતિમાં રૂપાંતર કરવાનો એક જ સાધનાનો સુરક્ષિત રાજમાર્ગ છે

**(પૃ. ૨૯ ઉપર)**

# માનવવિકાસ ચક્ર

- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - શ્રી કે.કે.ખખ્ખર

**(લેખક્રમાંક - ૪)**

માનવવિકાસના પ્રતીકાત્મક, નમૂનારૂપ અને રૂઢિવાદી યુગોની શ્રી અરવિંદે આપેલી સમજૂતી આપણે અગાઉ જોઈ ગયા છીએ. આ પછીના બે યુગો છે તર્ક અને વ્યક્તિવાદી યુગ તથા આત્મલક્ષીતાનો યુગ. આ બન્નેની શ્રી અરવિંદે આપેલી સમજૂતી પણ વિશિષ્ટ છે.

**તર્ક અને વ્યક્તિવાદી યુગ**

આગળ જણાવ્યા પ્રમાણેના પ્રતીકાત્મક અને રૂઢિવાદી યુગ દરમ્યાન જેમ જેમ રૂઢિઓ અને પ્રણાલીઓ લોકો પર કબ્જો જમાવતી ગઈ તેમ તેમ મનુષ્ય જડ અને નિષ્પ્રાણ બનવા લાગ્યો. લોકો અનેકવિધ જૂઠ્ઠાણાઓનો ભોગ બનવા લાગ્યા. તેમણે જીવનના મૂળભૂત સત્યો સાથેનો જીવંત સંપર્ક ગુમાવ્યો. આ સત્યો હવે તેમની સ્મૃતિમાંથી પણ અદૃશ્ય થવા લાગ્યાં.

આમ છતાં, શ્રી અરવિંદ જણાવે છે તેમ, રૂઢિવાદી યુગના તદ્દન યંત્રવત્ અને નિષ્પ્રાણ વ્યવહારોના બનેલા જગતમાં પણ કેટલાક વિચક્ષણ બુદ્ધિપ્રતિભા ધરાવતા લોકો લુપ્ત થઈ ચૂકેલા મૂળ સત્યોની શોધ ચાલુ રાખતા જોવા મળે છે. તેઓ વ્યક્તિવાદી હોય છે અને પોતાની બુદ્ધિ કે વિચારશક્તિમાં વિશ્વાસ ધરાવતા હોય છે. તેઓ ધર્માચાર્ય દ્વારા કહેવાતા 'ઈશ્વરીય આદેશ' કે 'પવિત્ર સત્યો'ના નામે ઠોકી બેસાડવામાં આવતાં જૂઠ્ઠાણાઓ સામે પ્રતિવાદ કરે છે. તેમને બળવાખોર ઠેરવીને દંડ-સજા ફટકારવામાં આવે તો પણ પોતાનો વિરોધ વ્યક્ત કરવાનું ચાલુ રાખે છે. શ્રી અરવિંદ કહે છે તેમ આવા લોકો તર્ક અને વ્યક્તિવાદી યુગના અગ્રદૂતો કે છડીદાર છે.

**તાર્કિકતાની અનિવાર્યતા**

શ્રી અરવિંદ જણાવે છે કે માનવસમાજના ઈતિહાસમાં તાર્કિકતાનું આગમન અનિવાર્ય સાબિત થયું છે. તેનું આગમન ભલે રૂઢિવાદ સામેના બળવા સાથે થયું પરંતુ, તેની પરાકાષ્ઠામાં તે ભૌતિકવિજ્ઞાનની અભૂતપૂર્વ પ્રગતિ સ્વરૂપનું હતું. ૧૯મી સદીના યુરોપે આશ્ચર્યજનક શોધખોળો અને સંશોધનો દ્વારા વિજ્ઞાનના આધિપત્યને સાબિત કર્યું. આથી જીવનને વૈજ્ઞાનિક ઢબે જીવવા માટેનું માનસ કેળવાયું. વ્યક્તિગત નિર્ણયોની યોગ્યતા નક્કી કરવા માટે ધર્મગ્રંથો દ્વારા પ્રબોધિત સૂત્રોની જગ્યાએ બુદ્ધિગમ્ય અને તર્ક-સંગત ધોરણો વિકસાવવામાં આવ્યા. આથી એક નૂતન

વ્યવસ્થાનો જન્મ થયો. આવી વ્યવસ્થાને વૈશ્વિક સ્વરૂપના સર્વમાન્ય, નૈતિક ધોરણોનો આધાર પૂરો પાડવામાં આવ્યો. માનવસમાજના તર્ક-સંગત વૈયક્તિક યુગનો આ વિજય હતો, તેમ શ્રી અરવિંદ ઉમેરે છે.

**તાર્કિકતાની મર્યાદા**

માનવવિકાસના ઈતિહાસમાં તર્ક અને વ્યક્તિવાદી યુગની અનિવાર્યતાને શ્રી અરવિંદે સ્વીકારી છે અને તેને ઉપકારક ગણાવી છે. છતાં, તેમણે તાર્કિકતાની મર્યાદાઓની વિસ્તારથી છણાવટ પણ કરી છે. તેમણે જણાવ્યું કે તર્ક અને વ્યક્તિવાદી યુગ દરમ્યાન યુરોપે રૂઢિવાદી યુગના જૂઠ્ઠાણાઓનો પર્દાફાશ કર્યો, જેથી ધર્મ - સુધારણા (રિફોર્મેશન) અને નવજાગૃતિ (રેનેસાં) શક્ય બન્યાં. પરંતુ શ્રી અરવિંદે તર્ક અને વ્યક્તિવાદના અતિરેક સામે લાલબત્તી પણ ધરી છે. તેઓ માનવવિકાસના આ તબક્કા દરમ્યાન તાર્કિકતાની સાથે અર્ધ-તાર્કિકતા અથવા નિમ્ન-તાર્કિકતા (ઈન્ફ્રા-રેશનલ) અને વ્યક્તિવાદની સાથે ભ્રામક આત્મલક્ષિતા (ફોલ્સ - સબ્જેક્ટીવીટી)ની ભેળસેળ તરફ આપણું ધ્યાન દોરે છે. તેઓ એમ પણ સમજાવે છે કે નરી તાર્કિકતા અને નર્યા વ્યક્તિવાદની મદદથી આધ્યાત્મિક સમાજની રચના થઈ શકે નહીં. શ્રી અરવિંદ એવી ખાતરી ઉચ્ચારે છે કે માનવવિકાસનું છેવટનું લક્ષ્ય કે તેનો આખરી પડાવ આધ્યાત્મિક સમાજની રચનાનો છે. આ માટે તર્કથી ઉપર ઊઠવું અનિવાર્ય છે.

શ્રી અરવિંદ તર્ક અને વ્યક્તિવાદી યુગની અનિવાર્યતાને સ્વીકાર્યા પછી પણ એમ સ્પષ્ટ કરી બતાવે છે કે બુદ્ધિવાદી સંસ્કૃતિનો આ વિજય આખરે બાહ્યસ્વરૂપનો જ સાબિત થયો છે. જેને જીવન જીવવાના નવા મૂલ્યો તરીકેની ઓળખ આપવામાં આવી તે 'વ્યવહારુ ઉપયોગિતા' સ્વરૂપના જ હતા. જીવનના વધુ શક્તિશાળી, સનાતન અને ઊંડા સત્યોની શોધ હજુ બાકી જ રહી જવા પામી હતી.

શ્રી અરવિંદ એવી ચેતવણી ઉચ્ચારે છે કે જ્યારે નરી તાર્કિકતાના બનેલા વ્યક્તિવાદી યુગમાં માત્ર બુદ્ધિની જ બોલબાલા હોય, અંતઃ પ્રેરણાને કોઈ સ્થાન ન હોય અને આત્માના અવાજને તર્ક-બદ્ધ દલીલો દ્વારા મૂંગો બનાવી દેવામાં આવતો હોય ત્યારે એવો ચોક્કસ ભય રહે છે કે તર્ક-પ્રધાન વ્યક્તિવાદી યુગ પણ છેવટના સરવાળે બુદ્ધિના ચોકઠામાં કાપી-કૂપીને બંધ બેસતો કરવામાં આવેલો. એક નવા સ્વરૂપનો ''બીબાઢાળ'' (ટાઈપલ) સમાજ હશે. આથી શ્રી અરવિંદે વ્યક્તિવાદના પાયામાં રહેલી 'આત્મલક્ષિતા' (સબ્જેક્ટીવીટી)ની પોતાની રીતે તદ્દન આગવી સમજૂતી આપી છે. શ્રી અરવિંદે આપેલી આ સમજૂતી તર્ક અને વ્યકિતવાદી યુગ પછી અસ્તિત્ત્વમાં આવતા આત્મલક્ષીતાના યુગને યર્થાથપણે સમજવા માટે નવું જ માર્ગદર્શન પૂરું પાડે છે.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સંક્ષિપ્ત સુગમ સમજૂતી - માનસિંહ ચાવડા**

(Savitri - B-1, C-3, P-31) પ્રકરણ - ૮૩

## પ્રગટ પરમાત્મા

રૂપરંગ, આકાર એ તો પ્રભુના અનંત-આવિર્ભાવનાં પ્રતિનિધિ સ્વરૂપ હોય છે, પ્રતીકરૂપ હોય છે. વાસ્તવમાં પેલો આવિર્ભાવ કેવો છે, તેનું સાચું સ્વરૂપ શું છે, એ તો અજ્ઞાત જ હોય છે. આપણી ઈન્દ્રિયોને કેવા દેખાય છે, તેના ઉપરથી જ તે આવિર્ભાવને આપણે ઓળખીએ છીએ. રંગરૂપ તો આપણા મને લગાડેલો મળેલા સંવેદનોનો અર્થ છે - છાપ છે. તે તો મૂળ વસ્તુનું પ્રતીક છે - નિશાની છે, મૂળવસ્તુ નથી. આવા પ્રતીકો અને પ્રતિનિધિઓનાં જ જગતમાં અત્યાર સુધી અશ્વપતિ રહ્યો હતો. તેને તે જગતનું સ્વરૂપ સમજતો હતો. જગતનું સાચું વાસ્તવિક જ્ઞાન સમજતો હતો. પણ અહીં - આ નિરાકાર પ્રદેશમાં તો તેમનો સંપૂર્ણ અભાવ હતો અને છતાંય ચેતનાનું અસ્તિત્ત્વ તો હતું જ. પ્રતીકો વગરનું તે સત્ય હતું. આ જગતમાં તે બધાં જ પ્રતીકો નકામા પુરવાર થતાં હતાં. તે રંગરૂપ, આકારનું જ્ઞાન વ્યર્થ અને નિરૂપયોગી બની ગયું હતું. ઈન્દ્રિયોને જે પોતાનો ખોરાક લાગતો હતો, જેને તે પોતાના સંવેદનો ગણતાં હતાં, તેનો અહીં સર્વથા અભાવ હતો. અને છતાં અશ્વપતિનાં અંદરનું કોઈ તત્ત્વ જુદા જ પ્રકારનાં સંવેદનો અનુભવી રહ્યું હતું. અને એ સંવેદનો બાબત આપણી ભૌતિક ઈન્દ્રિયોને કોઈ ગતાગમ નહોતી. શ્રી અરવિંદ જણાવે છે કે.

These symbol figures lost their right to live,
All tokens dropped our sense can recognise;

શારીરિક સંવેદનોને કારણે જે ઉત્કંઠા જાગતી હતી, જે જીવંતતા, જાગૃતતા, સભાનતા, સજાગતા લાગતી હતી તેવું કાંઈ નહોતું. હ્રદયના ધબકારા વધારવા કે ઘટાડવા આવા કોઈ શારીરિક સંવેદનો જ હાજર નહોતાં અને છતાં હ્રદયમાં સંવેદનો જાગતાં હતાં. હ્રદયમાં એકાગ્રતા, ઉત્સુકતા, સજાગતા હતી. એક સતત સભાન અવસ્થા રચાઈ ગઈ હતી. આત્મભાવ પ્રગટ થયો હતો. અચલ-ચેતનામાં મન ઓગળી ગયું હતું. ચિત્ત તલ્લીન બની ગયું હતું.

આંખોને કોઈ ભૌતિક આકારનાં સુંદરતાના સંવેદનો જાગતાં નહોતાં. ભૌતિક-સૌંદર્ય ત્યાં દેખાતું જ નહોતું અને છતાં નજરમાં બધે જ સુંદરતા વિખરાયેલી

અનુભવાતી હતી. તે સુંદરતા મૂર્ત સ્વરૂપની નહોતી, સાકાર નહોતી, પણ કોઈ અમૂર્ત અને અપાર્થિવ સૌંદર્ય ત્યાં સ્થાપિત થએલું હતું.

મન પ્રશાંતિમાં નહાઈ રહ્યું હતું. કોઈ વખત નિરવમનમાં ડૂબી જઈ મૌન ફેલાવી દેતું હતું. કોઈ વખત મધુર ભાવોમાં રચ્યુંપચ્યું રહેતું, પણ વચગાળાનો સુંદર, સુખદ, આરામદાયક, હૂંફ આપનારો કાળખંડ એક સ્વર્ગીય સુખનો આસ્વાદ આપી જતો હતો. પણ આવા નિરવ-મનનાં ક્ષણ ભાગ્યે જ આવતાં. મન સંવાદિતામાં તાલબદ્ધ રીતે કામ કરતું લાગતું હતું. તેમાં સંઘર્ષ, વિરોધ કે ઉગ્રતા નહોતી, હતી એક સંગીત સૂરની જેવી લયબદ્ધ નર્તનની ગતિ ! મન હળવું ફુલ બનીને, પ્રફુલ્લતા માણતું હતું. ઉદ્વેગ, તાણ, આવેગ જેવું કાંઈ રહ્યું નહોતું. સુખસાગરમાં વિહાર કરી રહ્યું હોય એવું લાગતું હતું. કોઈ ચિહ્ન કે સીમા વગરના અવકાશમાં તે વિહરતું હતું. સામાન્ય માનવીનું તે મન રહ્યું ન હોતું. જાણે મન, અમન બની ગયું હતું. આને શાસ્ત્રો ‘ઉન્મની’ અવસ્થા કહે છે. મનને નિરાકારતાનો રંગ લાગ્યો હતો. તેમાં જ તે રસ લઈ રહ્યું હતું. તેણે અસીમતા ધારણ કરી હતી. તે અસીમતાને ભરપેટ માણી રહ્યું હતું. શ્રી અરવિંદ લખે છે કે,

There the heart beat no more at body's touch.
There the eyes gazed no more on beauty's shape.
In rare and lucent intervals of hush
Into a singless region he could soar
Packed with the deep contents of formlessness

અશ્વપતિને લાગ્યું કે જે સાકાર અને સરૂપ જગત તે નીચે છોડીને આવ્યો છે તે પણ આ નિરાકાર ચેતનાથી અછૂત નથી. આ ચેતના ત્યાં પણ પ્રવેશીને રહેલી છે. દરેક વસ્તુ અને વ્યક્તિમાં તો તે ઓતપ્રોત છે પણ તેમની બહાર અન્તરિક્ષમાં પણ તે જ ઓતપ્રોત છે. બધી જ વસ્તુઓ આંતરબાહ્ય આ ચેતનાથી ઘેરાયેલી છે. અરે, સમગ્ર જગત આંતરબાહ્ય રીતે તેથી નિરાકાર અચલ ચેતના તરીકે અનુભવાઈ રહી છે. આ ચેતના આમ નિરાકાર હોવા છતાં તે સજીવ છે. તેનું પોતાનું જાણે આ જગતની વસ્તુઓથી ભિન્ન એવું અલગ અસ્તિત્ત્વ છે. શ્રી અરવિંદ તેને "Single being" તરીકે વર્ણવે છે. આ ચેતના પ્રકાશમય છે અને તેનો પ્રકાશ સર્વત્ર અનુભવાય છે. તે પ્રકાશ અશ્વપતિને પોતાની ચેતનાનો જ અનુભવાતો હતો. જાણે પોતાની ચેતના જ બ્રહ્માંડવ્યાપી થઈને તેને અનુભવાતી હતી. તે ચેતનાના આધારે જ વસ્તુમાત્ર અસ્તિત્ત્વમાં હતી. તે જ તેમની હયાતિ હતી અને તેથી તે વસ્તુરૂપ પણ પોતે જ છે એવું

અશ્વપતિને લાગતું હતું. પોતાની જ ચેતનાના પ્રકાશની તે વસ્તુઓ બની હોય અને તેથી તે પ્રકાશ દ્વારા તે તેમની સાથે એકરૂપતા અને તાદાત્મ્ય અનુભવતો હતો. શ્રી અરવિંદ આને "by the light of identity" એવી રીતે વર્ણવે છે. અશ્વપતિ તે પ્રકાશ સાથે તદ્દન એકરૂપ થઈ ગયો હતો. શ્રી અરવિંદ લખે છે કે

"Where world was into a single-being rapt,
And all was known by the light of identity."

ત્યાં ચેતના આ સાકાર જગતની જેમ પોતાને પ્રગટ કરવા કોઈ માણસ કે શરીર ઉપર આધારિત નહોતી પણ પોતે વગર માધ્યમે પ્રગટ થએલી હતી. શ્રી અરવિંદ તેની આ ક્ષમતાને "Own Self-evidence" કહે છે. આ ચેતનાના દરેક અંશ સમગ્ર ચેતનાને અને પોતાને અનુભવી શકતો હતો અને તેથી તેની હાજરી સર્વત્ર વર્તાતી હતી. તેને અન્ય પુરાવાની જરૂર નહોતી. અશ્વપતિ પણ તે જ ચેતનાના એક અંશ તરીકે આ ચેતના બાબત સભાન બન્યો હતો. અશ્વપતિને પોતાની નજરમાં તેના વલણમાં આમૂલાગ્ર રૂપાંતર થયાનું ભાન થયું હતું. તેને એમ જ લાગતું હતું કે તે પરમચેતના તેમાં પણ સ્થિર છે અને અશ્વપતિની આંખો દ્વારા તે પોતાના જ ચેતોવિસ્તારને જોઈ રહી છે. પોતાની નિરાકારતા, અસીમતા, સર્વવ્યાપકતા અનુભવી રહી છે. શ્રી અરવિંદ અશ્વપતિનાં આવી બદલાયેલી નજરને "Supreme's gaze' તરીકે વર્ણવે છે. શ્રી અરવિંદ લખે છે કે

"And spirit was its own self - evidence.
The Supreme's gaze looked out through human eyes."

આને કારણે અશ્વપતિને હવે બધી જ વસ્તુઓ અને વ્યક્તિઓ પોતાનાં જ અનન્ય રૂપો લાગવા માંડ્યા હતાં. આ એકરૂપતા ફક્ત શારીરિક સ્વરૂપની જ જણાતી નહોતી, પણ પ્રાણમય અને માનસિક સ્તરે પણ તે જ તાદાત્મ્યતા અનુભવાતી હતી. અન્યોના વિચારો તેને પોતાના જ વિચારો લાગતા હતા અને અન્યની ભાવનાઓ તેને પોતાની જ લાગતી હતી. દરેકની દરેક વસ્તુ પોતે જ કરી રહ્યો છે, તેણે પોતે જ ધારણ કરી રાખેલી છે એમ તેને લાગતું હતું.

અશ્વપતિ 'સર્વં ખલુ ઈદં બ્રહ્મ'ની અનુભૂતિમાં પ્રવેશી ચૂક્યો હતો. પોતે જ બધે વિલસી રહ્યો છે એમ તેને લાગતું હતું. અખિલ બ્રહ્માંડમાં તેના સિવાય કોઈ નથી એવી અનન્યતા તેને અનુભવાતી હતી. તે ખરેખર 'પ્રગટ-પરમાત્મા' બની ગયો હતો.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## સ્વરૂપની ભૂમિકાઓ - ચેતનાનું રૂપાંતર - અવતરણો

(ગ્ર.૧, પૃ. ૨૬૫ - ૨૬૯) - પ્રકરણ - ૩

**૧ ચેતના બે તત્ત્વોની બનેલી છે, પોતાની જાત વિશેની..... અને શક્તિઓ વિશેની સભાનતા અને સચેતન શક્તિ. પૃ. ૨૬૫**

**૨ સચ્ચિદાનંદ એક જ તત્ત્વ છે અને તે ત્રણ પાસાવાળું છે. પરાત્પરમાં તે ત્રણ પાસાંઓ ત્રણ તરીકે રહેતાં નથી પરંતુ એક જ હોય છે. પૃ. ૨૬૬**

**૩ અતિમનસ, સચ્ચિદાનંદ અને નિમ્ન સ્તરોની વચમાં આવેલું છે. પૃ. ૨૬૬**

**૪ અતિમનસ શક્તિ જ મન, પ્રાણ અને શરીરમાં રૂપાંતર કરી શકે છે.**

**૫ અતિમનસને શૂન્યમાં ચાલ્યા જવા સાથે કોઈ સંબંધ નથી. પૃ. ૨૬૭**

**૬ અતિમનસમાં અવિભક્ત જ્ઞાન હોય છે. પૃ. ૨૬૮**

**૭ પરામાત્માનો અંગત સાક્ષાત્કાર કેટલીક વખત સાકાર પણ હોઈ શકે. કેટલીક વખત નિરાકાર. પૃ. ૨૬૮**

**સંક્ષિપ્ત સુગમ સમજૂતી - માનસિંહ ચાવડા**

ચેતનાની બે પ્રકારની સભાનતા હોય છે ખરેખર વિષયભેદથી બે સભાનતા જણાય છે. ખરેખર તો સભાન બનવું એ ચેતનાનો પોતાનો કાયમી સ્વભાવ છે. સભાનતાના બે પ્રમુખ વિષય છે.

૧ પોતાના સ્વરૂપ બાબતની સભાનતા.

૨ પોતાની શક્તિઓની ક્ષમતા બાબતની સભાનતા.

પણ આવી દ્વિવિધ સભાનતા પૂરતી નથી. તેની શક્તિઓને જાગૃત કરી સક્રિય કરવા માટે સંકલ્પ શક્તિની જરૂર છે. દરેક વ્યક્તિમાં આવી સભાનતા અને સંકલ્પશક્તિ વધતાઓછા પ્રમાણની હોય છે. દા.ત.૧) વ્યક્તિ શું કરવું તે બાબતમાં સભાન હોઈ શકે પણ સંકલ્પશક્તિના અભાવ કે ન્યૂનતાના કારણે તે મુજબ કાર્યવાહી કરી શકતી નથી. ૨) વ્યક્તિમાં સંકલ્પશક્તિ મજબૂત હોય પણ શું કરવું જરૂરી છે તેની સભાનતા જ મુદ્દલે અથવા ન્યૂનતમ હોય છે.

આને કારણે જ દરેક વ્યક્તિની ચેતનાના વિકાસની ગતિ અને દિશામાં વિભિન્નતા આવે છે.

ખરેખર તો દરેક ચેતનામાં પૂરેપૂરી સભાનતા અને પૂરેપૂરી સંકલ્પશક્તિ હોય જ છે.

પરંતુ તેનું જાગૃતમન તે બાબત જાણતું ન હોવાથી ઉપર મુજબની સ્થિતિ સર્જાય છે.

જ્યારે વ્યક્તિ સાચી અને સદાજાગૃત ચેતનામાં રહેતા શીખે છે ત્યારે તેની સભાનતા પણ પૂરેપૂરી રીતે જાગૃત બને છે અને તેની સંકલ્પ-શક્તિને પણ જગન્માતાનું માર્ગદર્શન અને મદદ મળવાથી તે પૂરી ક્ષમતા સાથે કાર્ય કરે છે. તેથી સાચી ચેતનામાં સ્થિર થવું એ સાધનાનો વ્યવહારુ ઉદ્દેશ બની જાય છે.

સાચી ચેતનાને આપણે સત્-ચિત્-આનંદ સ્વરૂપ ગણીએ છીએ. આ ત્રણ પાસાને અલગ અલગ ગણવાની મનની પોતાની જાણવાની પદ્ધતિ છે. વાસ્તવિક રીતે ત્રણે પાસા એકરૂપ જ છે. ચેતના તો એક જ છે. તે જ્યારે પોતાના અસ્તિત્વ બાબત પ્રમુખતઃ સભાન બને છે ત્યારે તેને સત્ પાસુ કહે છે. જ્યારે તે પોતાની ક્ષમતાઓ બાબત સભાન બને છે ત્યારે તેને ચિત્-પાસુ કહે છે. જ્યારે તે પોતાના અસ્તિત્વનાં નિર્મળ આનંદ બાબત સભાન બને છે ત્યારે તેને આનંદ પાસુ કહે છે. પ્રસંગાનુસાર ચેતના એક કે અનેક પાસાઓને અગ્રભાગે લાવે છે અને બીજા પાસા તેની પાર્શ્વભૂમિમાં તેને મદદરૂપ કે સહાયક બની જાય છે.

બીમાંથી જેમ પ્રથમ અંકુર દેખાય પછી પાંદડાં વગેરે, તેમ આ ચેતનાની આવિર્ભાવ પ્રક્રિયામાં કોઈક પાસુ પ્રથમ પ્રગટ થતું લાગે છે પણ તેની સાથે બીજાં પાસાં અવ્યક્ત સ્વરૂપે હોય જ છે. દા.ત. પથ્થરમાં સત્ પાસું પ્રગટ છે ચિત્ અને આનંદ પાસું અવ્યક્ત છે પણ પશુમાં સત્ અને ચિત્ બન્ને પાસાં વ્યક્ત છે. આનંદ પાસું પ્રસંગે જ પ્રગટ થાય છે.

આ પાસાંઓનાં વિભાજનની મદદથી જ આ અનેકવિધ સ્વરૂપોનું જગત નિર્માણ કરવું શક્ય બન્યું છે. સત્ તત્ત્વ જ જગતમાં તમોગુણ તરીકે પ્રગટ થયો છે, ચિત્ તત્ત્વ જ રજોગુણ તરીકે અને આનંદ તત્ત્વ સત્ત્વગુણ તરીકે પ્રગટ થયું છે તે તેમનાં અધૂરા અને તેથી વિકૃત આવિર્ભાવ માત્ર છે. જ્યારે આ ત્રણે પાસાઓનાં વિભાજન રૂપ ત્રણે ગુણોથી વ્યક્તિની ચેતના ઉપર ચાલી જાય છે, ત્યારે તેને ત્રિગુણાતીત અવસ્થા અથવા નિર્ગુણ અવસ્થા અથવા ગુણોની સામ્યાવસ્થા કહે છે. ત્યારે જ સાચી ચેતના, વેદોની ભાષામાં 'સમંબ્રહ્મ' પ્રગટ થાય છે. નિર્ગુણ બ્રહ્મ પ્રગટ થાય છે. નિર્ગુણ એટલે ગુણરહિત નહિ પણ ત્રણે ગુણો મારફત સમાનરીતે પ્રગટ થતી એક જ સંવાદમય ચેતના.

ગુણોના વિભાજનથી જ અજ્ઞાન, દુઃખ, યાતના, મૃત્યુ નિર્માણ થયાં છે. તે બધાને આપણે અચિત્ના રૂપો તરીકે ઓળખીએ છીએ.

તો એક બાજુ ત્રિગુણમય જગત છે, બીજી બાજુ સત્-ચિત્-આનંદ સ્વરૂપ પરાત્પર ચેતના છે. આ બે ધ્રુવોને જોડનાર ચેતનાને શ્રી અરવિંદ અતિમનસ ચેતના કહે છે. વેદો તેને 'બ્રહ્મવર્ચસ' અર્થાત્ બ્રહ્મશક્તિ, આદ્યાશક્તિ, વિજ્ઞાનમય ચેતના વગેરે નામથી

ઉલ્લેખે છે.

વ્યક્તિનાં મન, પ્રાણ, શરીર અને તેમના કાર્યરૂપ વિચાર, ભાવના અને કર્મો દ્વારા પણ વ્યક્તિ સત્-ચિત્-આનંદ સ્વરૂપ પરાત્પર-ચેતનાનો સ્પર્શ પામી શકે છે, જેને ગીતા 'બ્રહ્મસ્પર્શ' કહે છે. અમુક સંપ્રદાયો તેને 'બ્રહ્મસંબંધ' કહે છે પણ આ સ્પર્શની અનુભૂતિમાં ફક્ત બ્રહ્મતત્ત્વની એક નિરાકાર નિષ્ક્રિય અસીમ હાજરી જ અનુભવાય છે જેને ગીતા અક્ષરપુરુષ કહે છે. તે જગતની લીલાને સાક્ષીભાવમાં રહીને ટકાવી રાખતી દેખાય છે પણ તે મન, પ્રાણ, શરીરનું રૂપાંતર કરી શકતી નથી.

રૂપાંતર એટલે તે તત્ત્વને બ્રહ્મચેતના સાથે જોડીને બ્રહ્મ-ચેતનામાં ઊઠતા સંકલ્પોના પ્રકાશમય વાહક અને અમલકર્તા બનાવી દેવા. આવી પ્રક્રિયામાં મનના વિચારો દિવ્ય બને છે, પ્રાણની ભાવનાઓ દિવ્ય બને છે. શરીરનાં કર્મો દિવ્ય બને છે. દિવ્ય એટલે પ્રભુની હાજરીથી પ્રકાશમય બની જવાં. પણ સાથે સાથે તેઓ પ્રભુ સાથે એકરૂપતા પણ અનુભવે છે, તેમનો જ વિસ્તારીત ભાગ બની જાય છે. ટાપુ ખંડ સાથે જોડાઈ જાય તેવી આ ઘટના હોય છે. ત્યારે વ્યક્તિની અપરા અને અશુદ્ધ પ્રકૃતિ શુદ્ધ દિવ્ય બનીને પરા-પ્રકૃતિ બની જાય છે. આવું રૂપાંતર કરવાની ક્ષમતા અતિમનસમાં જ છે કારણ અતિમનસમાં જ પ્રભુ સાથે એકરૂપ થવાની ક્ષમતા છે.

પરાત્પરનો પ્રકાશ જ્યારે મન, પ્રાણ શરીરમાં અવતરણ પામે છે ત્યારે તેને અતિમનસનું અવતરણ કહે છે, તે પ્રકાશને મન, પ્રાણ, શરીર ધારણ કરે તેને રૂપાંતર કહેવાય છે. તે પ્રકાશના અવતરણ માટે મન, પ્રાણ, શરીર ઊર્ધ્વ ચેતનાના સ્તરે ગતિ કરે તેને ચેતનાનું ઊર્ધ્વારોહણ કહે છે. આ ઊર્ધ્વારોહણ કરાવનાર પણ વ્યક્તિના આધારમાં રહેલ અચિતના પણ નીચે રહેલી અતિમનસ ચેતના જ હોય છે.

અતિમનસના અવતરણને કારણે શાંતિ, આનંદ, સ્વસ્થતા, શુદ્ધિ, વિશાળતા અને નિર્લેપતા અનુભવાતી હોય છે.

ગૌતમબુદ્ધનાં શૂન્યની (નિરાકાર અસ્તિત્વ માત્રની) અનુભૂતિ એ તો અક્ષરપુરુષની અથવા 'અચલ' 'બ્રહ્મ'ની અનુભૂતિ છે. અતિમનસની અનુભૂતિ એ પુરુષોત્તમની અથવા ઉત્તમપુરુષની તેથી પણ ઊર્ધ્વમાંની સ્થિતિ છે. ગૌતમબુદ્ધ જેને 'શૂન્ય' કહે છે તેને જ શંકરાચાર્ય અદ્વૈત અનુભૂતિ કહે છે. ગીતા તેને બ્રહ્મનિર્વાણનો અનુભવ ગણાવે છે પણ ગીતા અને શ્રી અરવિંદ બન્ને આને એક વચગાળાનો સાક્ષાત્કાર ગણે છે, અંતિમ નહિ.

અતિમનસ સમગ્રતાથી જોતું હોય છે. ત્યાં વિભાજન નથી. સમગ્રતામાં બધી વસ્તુઓ યોગ્ય સ્થાને ગોઠવાઈ જતી હોય છે. સમગ્રતા એટલે વિવિધતા અને અનેકતામાં સ્વયંભૂ સુસંવાદી એકતા.

(પૃ. ૨૪ ઉપર)

# ભારતીય સંસ્કૃતિના પાયા

- શ્રી અરવિંદ

**અવતરણો** (પૃ. ૨૦૦ - ૨૧૩)

**૧ ભારતનું પ્રાચીન અને મધ્યકાલીન જીવન માનવજીવનની જે જીવંત અને રસપ્રદ પ્રવૃત્તિઓ હોઈ શકે તેમાંની કોઈથી વિહોણું નહોતું. -પૃ.૨૦૧**

**૨ હવે તો એમ પુરવાર થયું છે કે વિજ્ઞાનમાં અત્યારના યુગ પહેલાં બીજા કોઈ પણ દેશથી તે આગળ હતું. પૃ.૨૦૨**

**૩ તદુપરાંત સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકળાની તેમ જ તેની ચિરકાલીન પરંપરા પોતે જ પોતાનો પુરાવો છે. પૃ.૨૦૩**

**૪ ભારતની તેના મહાન સંતો, ઋષિઓ, ચિંતકો..... કવિઓ, સર્જકો, વૈજ્ઞાનિકો, વિદ્વાનો અને સ્મૃતિકારોની નામાવલિ જ માત્ર લાંબી નથી. પૃ. ૨૦૪**

**૫ હાલનું ભારતીય નવજીવન.. જેને કેટલીક વાર પુનરુત્થાન કહેવામાં આવે છે.. તે ભારતના ઈતિહાસમાં હજાર વર્ષોના ગાળામાં વારંવાર પુનરાવર્તનથી આવી છે. પૃ.૨૦૫**

**૬ પરંતુ એ વાત નક્કી છે કે ભારતીય ધારણા વધુ વિકાસશીલ અને આધ્યાત્મિક છે. પૃ. ૨૧૨**

**૭ એ અર્થમાં એને એક અભિજાત સંસ્કૃતિ કહી શકાય. પૃ. ૨૧૩**

- સંક્ષિપ્ત સુગમ સમજૂતી - માનસિંહ ચાવડા

## ભારતીય સંસ્કૃતિ અને વ્યવહારિક જગત

પ્રકરણ - ૬

ગૌતમબુદ્ધ એક કલ્પનાના સહારે વિકસાવેલું મહાન વ્યક્તિત્વ છે. અશોક એક નબળો સમ્રાટ હતો. ભારતીય-સંસ્કૃતિમાં ઈચ્છા-શક્તિનો જોશ જ નથી અને તેથી ભારતને કોઈ મહાન સિદ્ધિ જ મળી નથી. મિ. આર્ચરનાં આ આક્ષેપો હકીકતોથી તદ્દન વેગળાં છે. ઈતિહાસ આથી જદું જ ચિત્ર દર્શાવે છે.

વિશાળ અર્થમાં જીવનમાં બધું જ આવી જાય છે. તેમાં જ્ઞાન-વિજ્ઞાન, ધર્મ-તત્ત્વજ્ઞાન, કલા-સાહિત્ય, શિક્ષણ, અર્થકારણ, રાજકારણ, રમતગમત, ક્રાંતિ, વેપાર, બધું જ આવી જાય છે.

ભારતનું પ્રાચીન જીવન ઉપરનાં બધાં જ ક્ષેત્રોમાં પ્રાણવંત હતું. ભારતે ઉપર જણાવેલાં બધા જ ક્ષેત્રોમાં પ્રયાસ કર્યો છે અને તે પણ યશસ્વી રીતે. આજના વિજ્ઞાનના સિદ્ધાંતોનાં બીજ પણ ઋષિમુનિઓનાં ચિંતનમાં દેખાય છે. શસ્ત્રક્રિયામાં પણ તેઓ જાણકાર હતાં અને ઔષધિ-વિજ્ઞાનમાં પણ. આયુર્વેદ

તેનો દાખલો છે. રામાયણ મહાભારત જેવા મહાકાવ્યો અહીં જ લખાયાં છે. તેમાંનું ઘણું સાહિત્ય તો નાશ પામ્યું છે. શિલ્પ અને ચિત્રકલાનું જીવંત ઉદાહરણ અજંતા ઈલોરા ગુફા છે. રાજ્યશાસ્ત્રનો દાખલો અર્થશાસ્ત્ર છે. ફક્ત ઋષિ, સંતોની જ નામાવલિ લાંબી નથી, પરાક્રમી સમ્રાટ અને રાજાઓની પણ તેટલી જ લાંબી છે. પ્રાચીન નાલંદા જેવી યુનિવર્સિટીઓના પુરાવા પણ છે, જ્યાં દેશ-વિદેશથી લોકો ભણવા આવતા.

શું શિવાજી ક્રોમવેલથી નીચી કક્ષાના ગણાશે ? શંકર લ્યૂથર કરતાં શું વામણા છે ?

એક વાસ્તવિકતા સ્વીકારવી પડશે. ભારતની પરતંત્રતાએ તેની જીવન-શક્તિને શોષી લીધી હતી પણ આ એક વચગાળાના તબક્કાને ભારતીય-સંસ્કૃતિનું કાયમી લક્ષણ સમજવાની ભૂલ ન કરવી જોઈએ.

ભારતીય માનસ વધારે અધ્યાત્મપ્રધાન છે. યુરોપિય લોકોને આર્થિક, રાજકીય પ્રગતિમાં વધારે રસ હોય છે. આ દૃષ્ટિ-ભિન્નતા જ ભારત માટે ગેરસમજ ફેલાવે છે.

ભારતીય માનસ અહંકારજન્ય રાજસિક વ્યક્તિત્વનો આદર્શ નથી રાખતું પણ સાત્ત્વિકભાવોથી પણ ઉપર ઊઠીને ત્રિગુણાતીત પરમ-સત્યનો આદર્શ રાખે છે. માનવની પ્રકૃતિની સ્વચ્છંદી ક્ષમતાઓને વિકસાવવી એ તેમનો આદર્શ નથી. પણ પ્રકૃતિને આત્મતત્ત્વના સાધન તરીકે વિકસાવવી એ તેમનું ધ્યેય છે.

જેને અધ્યાત્મમાં રસ નથી, તેને ભારતીય-સંસ્કૃતિમાં ઓછો રસ પડે છે એ નિશ્ચિત છે.

---

(પૃ.૨૨ ઉપરથી)

## યોગ વિષે પત્રો

તેથી અતિમનસ સાક્ષાત્કારમાં મનનું પણ વિલીનકરણની માગણી નથી. શૂન્ય અને બ્રહ્મનિર્વાણનાં સાક્ષાત્કારમાં તે માગણી હોય છે. આ અતિમનસ સાધનામાં મનમાં પણ સત્-ચિત્-આનંદનો સાક્ષાત્કાર કરી આગળ વધવાનું હોય છે.

અતિમનસ એ સત્-ચિત્-આનંદ સ્વરૂપ પરમાત્માની આત્મ-સભાનતા સ્વરૂપ શક્તિ છે તો આત્માનો પોતાને આવિર્ભાવ કરવાની પણ શક્તિ છે. પરામાત્મામાં રહેલ બીજ સ્વરૂપ સંકલ્પોને પ્રગટ કરી વાસ્તવિક કરવાની તે શક્તિ છે. બીજ સ્વરૂપ સંકલ્પોને જ 'ઋતમ્' કહે છે. તેથી અતિમનસને ઋત-ચેતના પણ કહે છે. તેને પ્રજ્ઞા-શક્તિ પણ કહેવાય છે. વિજ્ઞાનમય શક્તિ પણ કહેવાય છે. તેથી આ અતિમાનસ-ચેતનામાંથી પસાર થયા બાદ જ સત્-ચિત્-આનંદ તત્ત્વમાં પ્રવેશ મળે છે.

# અતિમનસ

- શ્રી અરવિંદ

**અવતરણ** - (પૃ.૭૦ - ૭૭)

૧ આ આવિર્ભાવ તે એક નવીન જગતના જન્મ પહેલાંની એક ઘટના જેવો છે. પૃ.૭૦

૨ જગતની જૂની આધ્યાત્મિકતા તો જગતમાંથી નીકળી જઈને પ્રભુ પાસે પહોંચી જતી હતી. -પૃ.૭૧

૩ જૂનું જગત તે શ્રી અરવિંદ જેને અધિમનસ કહે છે તેની દ્વારા સર્જાએલું હતું. પૃ. ૭૨

૪ આ અતિમનસ સૃષ્ટિમાં હવે ધર્મો રહેશે નહિ. પૃ.૭૩

૫ આ નવી સૃષ્ટિમાં આ દેવોરૂપી મહાન દિવ્ય-સત્ત્વો પણ સામેલ તો થઈ જ શકશે. પૃ. ૭૩

૬ એ અતિમાનસ પુરુષ સીધેસીધો સર્જાશે, આપણને અત્યારે ગુહ્ય જેવી લાગતી કોઈ પ્રક્રિયા મુજબ તેનું સર્જન થાય તે પહેલાં બીજા મધ્ય ભૂમિકાનાં સર્જનો પણ થવા જોઈએ. પૃ. ૭૬

૭ કોષો એ પ્રકાશ માટે પુકાર કરવા લાગે છે..... એમાં એમને એક મહા તીવ્ર આનંદ અનુભવાય છે..... હું તમારામાં આ અભીપ્સા મૂકવાનો પ્રયત્ન કરી રહી છું... પૃ. ૭૭

**સંક્ષિપ્ત સુગમ સમજૂતી - માનસિંહ ચાવડા**

## અતિમનસ શરીર

પ્રકરણ - ૫

જૂના અધ્યાત્મમાં જગતનો ત્યાગ કરીને પરમ-ચેતનામાં એકરૂપ થઈને રહેવાની સંન્યાસની વાત હતી. જ્યારે નવા અધ્યાત્મમાં આ ભૌતિક જીવન અને જગત પણ દિવ્ય બનવું જોઈએ તેનો આગ્રહ છે. આનો અર્થ એ છે કે આ ભૌતિક-જગતને પણ સુંદર, સુખમય બનાવવાની ક્ષમતા અધ્યાત્મમાં હોવી જ જોઈએ.

અત્યાર સુધી ઘણા ચિંતકો શ્રી અરવિંદને એક આદર્શવાદી ગણતાં. તે પણ એવા આદર્શો જે ભૌતિક જીવનમાં સિદ્ધ કરવા શક્ય જ નથી. પણ અતિમનસ જગતનાં અવતરણે આ ટીકાને અંતિમ જવાબ આપી દીધો છે. નવું જગત ભૌતિક સ્તરે જન્મ પામી ચૂક્યું છે. હાલમાં તે જૂના જગતથી ઢંકાએલું છે. આપણે સંક્રાંતિકાળમાં છીએ. તે જગતને વિકસાવવું એ એક નવું સાહસ છે.

જૂનું જગત એટલે અધિમનસ જગત દ્વારા સર્જાએલું જગત. દેવોએ જગતને સુખી કરવા વિવિધ ધર્મો સ્થાપ્યા. ભક્તોને સંકટમાંથી છોડાવ્યા, પણ તેઓ

અચિત્‌નો સમૂળગો નાશ કરી શક્યા જ નહિ. દેવ-અસુરોનો સંગ્રામ સતત ચાલતો રહ્યો છે અને માનવજાત દુઃખી થતી રહી છે. તેમને લાગ્યું કે મૃત્યુ પછીનાં જે જગતો છે તેમાં જ સુખશાંતિ મળે છે.

તે પછી બધા વિવિધ દેવોએ એક જ પ્રભુના વિવિધરૂપો માત્ર છે, એવો વિકસિત ધર્મ આગળ આવ્યો. આ હિલચાલે અધિમનસ ઉપરના અતિમનસનો અણસાર લોકોને આપ્યો. પણ આ બધું હજી મનના પ્રદેશમાંની જ પ્રગતિ હતી અને તેથી ભેદબુદ્ધિને માનવો વટાવી શક્યા નહિ અને તેથી દુઃખોનો સમૂળો નાશ કરી શક્યા નહિ.

નવી સૃષ્ટિ નવા આશ્વાસનો સાથે આવિર્ભાવ પામી રહી છે. પ્રથમ તો અધિમનસ જગત હશે જ. તેઓ પણ અતિમનસ પ્રકાશને ધારણ તો કરશે જ, પણ તેથી તેમનો હવે અતિમનસ-માનવો સાથેનો સંબંધ બદલાઈ જશે. પહેલાનો સંબંધ હતો માલિક અને તેના ગુલામનો અને હવે સમાન દરજ્જાના મિત્રોનો. બન્ને પરસ્પરને મદદ કરીને અતિમનસ જગતનાં આવિર્ભાવના કાર્યમાં જોડાઈ જશે. હાલમાં દૈવી જગત અતિમનસ જગતનાં પાલનપોષણની કામગીરીમાં ગોઠવાઈ ગયું છે.

આ અતિમનસ નવા જગતને વિકસાવવા દૈવી જગતે આયોજન કરેલ છે. તેમણે માનવોમાં પ્રકાશમય મન વિકસાવવાનો પ્રયત્ન આદર્યો છે. પ્રકાશમય મન ઉપર અવચેતન અને અચેતનનો પ્રભાવ ઘટી ગયો છે. તે આત્મ-પ્રકાશને ધારણ કરીને પ્રકાશમય બનવા લાગ્યું છે. તેની દ્વારા અતિમનસ જગત વધારે ને વધારે પ્રગટ થવા મથી રહ્યું છે. શ્રી અરવિંદ જણાવે છે કે પ્રકાશમય મનની ઊંચામાં ઊંચી અવસ્થામાં તે અતિમનસમાં ભળી જવાની શક્તિ ધરાવે છે (ધી સુપ્રીમેન્ટલ મેનીફેસ્ટેશન) આ અતિમનસનો વિકાસ અને તે માટે પ્રયત્ન એ વણખેડાએલો પ્રદેશ છે. તે નવો જ ચાતરવાનો છે, તેથી તે નવું જ સાહસ છે. અતિમાનવ એ અવસ્થા પશુતા અને પશુતાનાં સર્વ વિકારોમાંથી સંપૂર્ણ મુક્તિ એ બે વચ્ચેની સ્થિતિ છે - વચગાળાની અવસ્થા છે.

પણ અતિમનાવ પહેલાં પણ વચગાળાની અવસ્થાઓ હશે જ અને તે અવસ્થાઓ વિકસાવવાનાં સાધનો - યોગપ્રણાલીઓ - વિસાવવી એ જ આજના માનવનું મહત્ત્વનું કાર્ય રહેશે. આ માટે આપણે કેટલા કર્તવ્યનિષ્ઠ છીએ, સમર્પિત છીએ, તે ઉપર જ ધ્યેય-સિદ્ધિનો સમય લાંબો કે ટૂંકો હશે.

અતિમાનસ - ચેતનાનો વિકાસ એ પ્રથમ તો આંતરિક ફેરફાર હશે. અને એ જ્યારે સાધકમાં થવા માંડે છે ત્યારે તેના માટે જ જીવન અપાયું એવો ભાવ સાધકમાં

અમુક તબક્કે જાગે જ છે. તે ભાવનો અર્થ એ છે કે તેના સ્વરૂપના સર્વે શારીરિક કોષો પણ તે ભાવમાં સહભાગી થવા લાગ્યાં છે. કોષો દિવ્ય-પ્રકાશ ઉપર જ નભવાનો પ્રયત્ન કરે છે. અવચેતન અને અચેતનનો આધાર છોડતા જાય છે.

આ માર્ગે આગળ વધવું એ જ આજની પ્રભુની આપણી પાસે માગણી છે કારણ પ્રભુએ અતિમાનસ - જગત રચવાની શરૂઆત કરી દીધી છે. આપણે ઉપર મુજબ જ તેના દિવ્ય-કાર્યમાં સહભાગી થઈ શકીએ છીએ.

માતાજીને એક વખત પોતાનું જ અતિમાનસ - શરીર દેખાયેલું. તેમણે કરેલા વર્ણન ઉપરથી આપણને અતિમનસ શરીર બાબતની થોડીક કલ્પના આવે છે. તેમના વર્ણન મુજબ અતિમનસ શરીરની નીચેની વિશેષતા હતી :

૧ તે માનવ-આકૃતિનું જ હતું અર્થાત્ માનવના શરીરમાંથી જ તે ઉત્ક્રાંત થશે એ વાસ્તવિકતાને અહીં પુષ્ટિ મળે છે.

૨ તે તેજોમય હતું. શ્વેત પડતા રતુમડા પ્રકાશનું હતું અર્થાત્ તેમાં હીરકપ્રકાશ અને રક્તપ્રકાશનો સુભગ સંગમ હતો. હીરક-પ્રકાશ મૂળ આદ્યા-શક્તિનો - દિવ્ય-શક્તિનો છે, જ્યારે રક્ત પ્રકાશ શુદ્ધ પાર્થિવ તત્ત્વનો છે. આ બન્ને અંતિમ છેડાનાં તત્ત્વોનું અહીં જાણે જોડાણ થયું છે. બન્ને વચ્ચે સેતુ રચાઈ ગયો છે.

શ્રી અરવિંદે પ્રકાશમય મન વિશે જે અટકળો કરેલી તેની સાબિતી ઉપરનાં અનુભૂતિમાં મળે છે. આપણા ભૌતિક તત્ત્વમાં-શારીરિક તત્ત્વમાં - પ્રવેશીને ઓતપ્રોત થએલ મનને જ ભૌતિક અથવા શારીરિક મન કહેવાય છે. તે દ્વારા જ શારીરિક તત્ત્વ રક્ત પ્રકાશનું બનેલું છે. તે જ્યારે અવચેતન અને અચેતનના પ્રભાવ નીચે કાર્ય કરે છે ત્યારે તે અવચેતન અને અચેતનના કાળા પ્રકાશથી છવાઈ જાય છે. તેથી તેવી અવસ્થામાં રક્ત અને કાળા પ્રકાશના મિશ્રણથી જાંબલી પ્રકાશ રચાય છે અને શારીરિક તત્ત્વ ત્યારે આવા જાંબલી પ્રકાશનું દેખાય છે. સર્વ સામાન્ય માનવોનું શારીરિક તત્ત્વ આવું હોય છે. પણ જ્યારે તે શારીરિક મન ઊર્ધ્વમાંનો હીરક-પ્રકાશ ધારણ કરવા લાગે છે ત્યારે તે હીરક અને રક્ત પ્રકાશના મિશ્રણમાંથી રતુમડો શ્વેત પ્રકાશનું જણાય છે. ભૌતિક અતિમનસ શરીર આ તત્ત્વનું બનેલું હોય છે.

૩ તે શરીરમાં હાડપિંજર નહોતું શ્વસનાદિ સંસ્થાઓની ફક્ત આછીપાતળી રૂપરેખાઓ જ હતી. કારણ તે શરીરને હવે કૃત્રિમ રીતે અનાજમાંથી પોષણ અને શ્વસનમાંથી પ્રાણવાયુ મેળવવાની જરૂર નહોતી. તે સીધેસીધું સૂર્યના પ્રકાશમાંથી વિદ્યુત નિર્માણ કરીને શરીરનું સંચાલન અને તેની જાળવણી કરી શકતું હતું.

૪ તે નમનીય હતું. કારણ અવચેતન અને અચેતન તેમાં ન હોવાથી કઠોરતા, ઘનીભૂતતા તેમાં નિર્માણ થએલી નહોતી.

૫ તેના મસ્તકમાં એક ઝળહળતો સૂર્ય દેખાયો. કારણ તે સૌરશક્તિ - સાવિત્રીને મેળવી શકે છે. તે સૂર્યકેન્દ્ર સૂર્યબેટરી જેવું કાર્ય કરશે. તે પિનિયલ ગ્લેંડની વિકસિત અવસ્થા હોવાની શક્યતા છે.

૬ તે શરીરમાં સ્ત્રીપુરુષ એવો ભેદ નહોતો. કારણ ગર્ભધારણ દ્વારા પ્રજોત્પત્તિ કરવાની ત્યાં જરૂર નહોતી. સંકલ્પમાત્રથી તેમના શરીરનાં તેજમાંથી જ નવું બાળક નિર્માણ થતું હતું. (ગીતા-મમતેજાંશ સંભવઃ)

૭ ત્યાં આંખો વગેરે ઈન્દ્રિયોની ફક્ત રૂપરેખા જ હતી. કારણ ભૌતિક ઈન્દ્રિયોની ત્યાં જરૂર જ નહોતી. પ્રજ્ઞા દ્વારા જ સીધેસીધું જ્ઞાન મળી જતું હતું. તેથી ફક્ત રૂપરેખા એ ભૌતિક - ઈન્દ્રિયો ખરી પડવાની નિશાની હતી.

આવું અતિમનસ શરીર રચવાની સાધના કરવી એ જ અતિમનસ - સાધનાનું હાર્દ હશે.

તે માટે માતાજીએ પ્રાર્થના અને ધ્યાનમાં તેમ જ અન્યત્ર જે સાધના પદ્ધતિ વર્ણવી છે તે નીચે મુજબની છે :

(૧) પોતાના શરીરને મનની આંખોથી આંતરબાહ્ય પ્રકાશમય જોવાનો પ્રયત્ન કરો.

(૨) તે પ્રકાશ સુવર્ણમય પ્રકાશ છે એની ધારણા કરવી હિતાવહ છે. કારણ અતિમનસ - પ્રકાશ સુવર્ણમય છે એવી અનુભૂતિ માતાજીને ૨૯-ફેબ્રુ.-૧૯૫૬ની અનુભૂતિ દ્વારા આવેલી છે.

(૩) સમગ્ર શરીરમાં ઓતપ્રોત સુવર્ણમય પ્રકાશ જો ન જોઈ શકતા હો તો શરીરના વિભાગ પાડી દરેકને ઓતપ્રોત થતા નિહાળો. આંતર અવયવોને પણ જુદી જુદી સંસ્થા મુજબ પ્રકાશમય અનુભવો થતા. દા.ત. શ્વસનસંસ્થા, પચન-સંસ્થા, રક્તાભિષરણ સંસ્થા વગેરે.

(૪) પોતાનું સમગ્ર સ્વરૂપ દિવ્ય-બની રહ્યું છે, એવો ભાવ ધારણ કરો.

આ સાધનાથી શું પરિણામ થાશે તેની વિગતો માતાજીએ અન્યત્ર આપેલી છે, જે નીચે મુજબ છે :

(૧) આ પ્રકાશને આપણા શરીરનાં કોષો સ્વીકારવાની શરૂઆત કરશે.

(૨) પ્રથમ તેઓ અચકાશે અથવા ડરશે, સંકોચાશે તો તેથી ડરતા નહિ, ધીમે ધીમે તેઓ તેમાં આનંદ લેતા થશે.

(૩) કોષોમાં પ્રકાશ પ્રવેશતા જ તેમના કેન્દ્રમાં રહેલ અવચેતન અને અચેતન

પોતાનું કાર્ય નહિ કરી શકે. તેઓ આંદોલનો દ્વારા કોષોનું સંચાલન કરતા હોય છે. પણ પ્રકાશનાં આંદોલનો તેમને આંતરીને નષ્ટ કરે છે. પ્રકાશ પોતે શારીરિક કોષોના નાભિમાં - કેન્દ્રમાં સ્થિર થાય છે અને પોતાના દિવ્ય - આંદોલનોથી કોષોનું સંચાલન કરવા માંડે છે. માતાજી આને Transfer of Power કહે છે.

(૪) આવી રીતે કોષોનાં કેન્દ્રમાં થએલા પ્રકાશને કારણે કોષોમાં રહેલ વિજ્ઞાનમય કોષ જે અત્યારસુધી નિષ્ક્રિય અને સુપ્ત હતો, તે સક્રિય અને જાગૃત બને છે. તેની દ્વારા સંચાલન શરૂ થાય છે. આવી રીતે કોષોનું રૂપાંતર અતિમનસ કોષોમાં થાય છે.

(૫) આવા કોષોમાંથી ધીરે ધીરે સમગ્ર ભૌતિક શરીર બંધાવા લાગે છે, તેથી સમગ્ર શરીર અતિમનસ પ્રકાશ ધારણ કરતું થાય છે. અંતે તે જ્યારે સમગ્ર રીતે રૂપાંતરિત થઈ જાય છે, ત્યારે તે અતિમનસ શરીર થવાની પ્રક્રિયા આરંભે છે. તેના સ્થૂળ અવયવો સૂક્ષ્મ થતાં થતાં અંતે તેમનાં રેખા ચિહ્નો જ દેખાય છે.

(૬) શરીરમાંનું સૂર્ય કેન્દ્ર પણ હવે સક્રિય બને છે.

૮ અંતે માતાજીને જેવા પોતાના શરીરનાં દર્શન થએલાં તેવું શરીર બની જાય છે.

૯ જ્યારે વારસાગત આવા શરીરો બાળકને જન્મથી પ્રાપ્ત થશે ત્યારે પ્રથમ જન્મજાત અતિમનસ શરીર રચાએલું હશે. આવા પ્રથમ શરીરમાં શ્રી અરવિંદ ફરી જન્મ લેવાનાં છે એવું તેમણે જણાવેલ છે.

---

(પૃ.૧૪ ઉપરથી)

## ગીતાનિબંધો

અને તે છે પેલા મહેશ્વરને આપણી અપરાપ્રકૃતિનું સંચાલન કરવાનો દોર સોંપી દેવો. આપણી પ્રકૃતિ જેવી છે તેવી જ સમગ્ર રીતે અભાન રીતે પેલા મહેશ્વરને સમર્પિત કરી દો. તે જ તેનું પરાપ્રકૃતિમાં રૂપાંતર કરીને આપણને જ્ઞાનવિજ્ઞાનથી વાકેફ કરશે. તે સર્વાંગી સમર્પણ દિવ્ય-પ્રકૃતિના પ્રવાહોને અપરા-પ્રકૃતિમાં પ્રવેશવા મદદરૂપ થાય છે અને રૂપાંતરનું કાર્ય શરૂ થાય છે અને જેમ જેમ રૂપાંતર સધાતું જાય છે તેમ તેમ આપણામાં સ્વયંભૂ રીતે જ્ઞાનવિજ્ઞાનનો પ્રકાશ અને સમજણ ફેલાતી જાય છે. (જ્ઞાનદીપેન ભાસ્વતા- ૧૦-૧૧)

આ જ સાધનાનું રાજગુહ્ય છે, મહત્ત્વનું રહસ્ય છે, અને આ જ રાજવિદ્યા પણ છે.

# અરવિંદોપનિષદ

- શ્રી અરવિંદ

**સંક્ષિપ્ત સુગમ સમજૂતી - માનસિંહ ચાવડા**

**ચિદવિલાસવાદનો પાયો** - પ્રકરણ - ૧૭

**ૐ તત્સત્ । યત્ ચ સત્ ચિત એવ તત્ । ચિન્મયં જગત ભાસતે ચિદાત્મનિ । સત્ય પ્રકાશઃ સત્યસ્ય ભગવતઃ । યથા સૂર્યસ્ય પ્રતિબિંબ એકઃ શાંતે જલે બહવશ્ચલે । સત્ય સૂર્યઃ સત્યઃ પ્રતિબિંબઃ । સત્ય-પ્રકાશઃ સતઃ સૂર્યસ્ય । ન સ સ્વપ્નઃ ।**

તે પરમ પ્રભુ ૐકારસ્વરૂપ (નાદ સ્વરૂપ) સત્ય છે (આ લેખમાલાનું પ્રથમ પ્રકરણ ૐના અર્થ માટે વાંચી જવા વિનંતી) જે સત્ છે તે જ ચિત્ પણ છે. સર્વવ્યાપી આત્માની ચેતનામાં જગત ચિન્મય જ અનુભવાય છે. તે સત્યના પ્રકાશનું (ઓજસનું) બનેલું છે. સત્ય એટલે જ પરમ-પ્રભુ પોતે. જેમ શાંત નિશ્ચળ જળમાં સૂર્યનું એક જ પ્રતિબિંબ દેખાય છે પણ ચલિત જળમાં અનેક પ્રતિબિંબો દેખાય છે. સૂર્ય પણ સત્ય જ છે અને પ્રતિબિંબ પણ સત્ય જ છે. સત્ય સૂર્યનો સત્ય સ્વરૂપ જ પ્રકાશ પણ છે. એ કાંઈ સ્વપ્નું નથી. ભ્રમ નથી.

પરમ-ચેતના કાંઈ ફક્ત નિરાકાર અને અસીમ જ નથી. તેમાં પણ પરમ-ચેતનાના સંકલ્પમાંથી જે આંદોલનો ઊઠતાં હોય છે તેને કારણે સાકાર લહેરો નિર્માણ થતી હોય છે તે સંકલ્પમાંથી ઊઠતાં આંદોલનોને જ નાદ કહે છે. નાદ એ ધ્વનિ અને શબ્દની મૂળ અવસ્થા છે. ધ્વનિ અને શબ્દમાં ભેદ દેખાય છે. એક ધ્વનિ અને શબ્દને બીજા ધ્વનિ અને શબ્દથી જુદો પાડી શકાય છે. પણ નાદમાં આવા ભેદ નથી. ત્યાં બધું જ અભેદ સ્વરૂપનું હોય છે.

ધ્વનિ નિર્માણ કરવા આપણે ગળાથી માંડી હોઠ સુધીના અવયવોનો ઉપયોગ કરીએ છીએ. ગળામાંથી 'અ' બોલાય છે અને હોઠથી 'મ'. આ બન્ને વચ્ચેનો ભાગ છે તાળવું, તેનાથી 'ઉ' બોલાય છે. આમ બધા જ પ્રકારનાં ધ્વનિનાં ત્રણ પ્રતિનિધિ થયાં જે ગળાથી હોઠ સુધી ક્રમશઃ કહીએ તો અ ઉ અને મ થાય છે તેમની સંધી ૐ. આવી રીતે પરમ-ચેતનાના સંકલ્પમાંથી જે વિશ્વવ્યાપી નાદ ઊઠ્યો તે જ છે ૐકાર. તેના વિવિધ આંદોલનોમાંથી જ આ સમગ્ર જગતની દરેક વસ્તુ સાકાર થઈ છે તેથી જગતને નાદાત્મક કહેવાય છે. આ નાદે પ્રભુને યથાયોગ્ય રીતે પ્રગટ કરવાની શરૂઆત કરી છે, તેથી તે

(તત્) નાદ (ૐકાર) પણ પરમપ્રભુ જેટલો જ સત્ય છે.

આ જ ભાવ પ્રગટ થયો છે ૐ તત્સત્માં.

હવે જે સત્ છે તે કાંઈ જડ નિર્જીવ નથી પણ ચેતના જ છે તેથી જે સત્ છે તે જ ચિત્ પણ છે જ.

આવી રીતે ચેતનાસ્વરૂપ આત્મતત્ત્વ છે તેને ચિદાત્મા કહે છે. તે અખિલ બ્રહ્માંડમાં વ્યાપેલો છે. પણ તેણે ધારણ કરેલો સંકલ્પ સક્રિય થતા જે ૐકાર સ્વરૂપ આંદોલનો ઊઠ્યાં તે કાંઈ સમગ્ર ચિદાત્મા નહિ પણ તેના એક નાનકડા અંશમાં જ તેથી આ નાદસ્વરૂપ આંદોલનોથી જે જગત રચાયું હશે, જે ચેતનાસ્વરૂપ જ છે અર્થાત્ ચિન્મય જગત છે. તેણે કાંઈ સમગ્ર ચિદાત્માને વ્યાપ્ત નહોતું કરેલું પણ તેના એક અંશમાં જ તે નિર્માણ થયું હતું. (એકાંશેન સ્થિતો જગત્) તેથી શ્રી અરવિંદ જણાવે છે કે ચિન્મય જગત ચિદાત્માના એક ભાગમાં જ દેખાય છે. ૐકારનાં નાદને કારણે જે આંદોલનો નિર્માણ થયાં તેને કારણે એક દિવ્ય-પ્રકાશ પ્રગટ થયો. તે આત્માનો પ્રકાશ હતો. આત્મપ્રભા હતી. તેને શ્રી અરવિંદ સત્યનો પ્રકાશ કહે છે (પાછળથી તેમણે આને અતિમનસ તેજ એવું નામ આપ્યું) આ પ્રકાશ પણ સત્ય સ્વરૂપ જ હતો. કારણ તે ખરેખર સત્ય સ્વરૂપ પરમ-પ્રભુનો પોતાનો જ પ્રકાશ હતો.

આ ઘટના કેવી રીતે નિર્માણ થઈ તે થોડુંઘણું સમજાવવા શ્રી અરવિંદ એક દાખલો આપે છે. જેમ શાંત, સ્થિર, નિશ્ચળ જળમાં સૂર્યનું એક જ પ્રતિબિંબ પડે છે તેમ નાદપૂર્વ અર્થાત્ પ્રભુનો સંકલ્પ સક્રિય બનતાં પહેલાં પરમ-ચેતના કેવળ એક જ હતી. પણ પછી જેમ જળ ચંચળ બનતાં જ તેમાં એક જ સૂર્યનાં અનેક પ્રતિબિંબો પડે છે તેમ ચિદાત્મા નાદને કારણે ચંચળ થતાં જ એક જ પરમ-ચેતનાના અનેક પ્રતિબિંબો પડવા લાગ્યાં. આમ એક જ પરમ-ચેતનામાંથી અનેક જીવાત્મા પ્રગટ થયાં. આ વાસ્તવિકતા સમજાશે તો તેનો અર્થ એવો થયો કે સૂર્ય પણ પરમ-ચેતનાસ્વરૂપ સત્ જ છે અને તેનાં અનેક પ્રતિબિંબો પણ પરમ-ચેતનાસ્વરૂપ સત્ જ છે. સત્ સિવાય કાંઈ જ નથી. આગળ જઈને એમ પણ કહેવાય કે પરમ-ચેતના સ્વરૂપ સૂર્યનો પ્રકાશ પણ પરમ-ચેતના જેટલો જ સત્ય છે. (અતિમનસ પણ સત્ય જ છે)

આવી રીતે આ જગતની વિવિધતા નિર્માણ થઈ. તે કાંઈ ભ્રમ નથી. સ્વપ્ન નથી.

અહીં શ્રી અરવિંદ શ્રી શંકરાચાર્યનાં માયાવાદને અર્થાત્ વિવર્તવાદને ખોટો પુરવાર કરવાની ભૂમિકા બાંધી રહ્યાં છે. વિવર્ત એટલે ભ્રમ. રણમાં ભરબપોરે મૃગજળ દેખાય તેને ભ્રમ કહેવાય છે. ત્યાં રણમાં કાંઈ ખરેખર પાણી હોતું જ નથી. જે દેખાય છે તેવું ન હોવું એને જ વિવર્ત કહે છે, છે એના કરતાં જુદી રીતે વર્તવું તે વિવર્ત. શ્રી અરવિંદ ચિદવિલાસવાદમાં માને છે. બધી ચેતનાની લીલા જ માને છે.

# રાષ્ટ્રિય શિક્ષણ

## પ્રજ્ઞા જાગરણનાં પ્રયોગોની દિશા

## સંક્ષિપ્ત સુગમ સમજૂતી - માનસિંહ ચાવડા

### પ્રકરણ - ૪

પતંજલીએ પ્રજ્ઞા જાગરણની પદ્ધતિ તરીકે યોગસૂત્રોમાં એક પ્રયોગ સૂચવ્યો છે. 'વિશોકા વા જ્યોતિષ્મતિ' તેના પરિણામ સ્વરૂપે 'તત્ર ઋતંભરા પ્રજ્ઞા' એ સૂત્ર આપેલ છે. આ પ્રયોગની વિગતો જાણી લેવી જરૂરી છે. કારણ પ્રજ્ઞા જાગરણનો આ અનુભવસિદ્ધ પ્રયોગ ભારતીય પરંપરામાં છે અને તેથી પ્રજ્ઞા-જાગરણના માર્ગે ભારત અગ્રસર થશે એવું શ્રી અરવિંદને લાગે છે. તેઓ જણાવે છે કે ભારત જગતનું આધ્યાત્મિક ગુરુ બનશે, ત્યારે તેની પાછળનું આ જ રહસ્ય છે અને કારણ છે.

ભારતીય પરંપરામાં પ્રજ્ઞા જાગરણની પદ્ધતિ ઋષિઓએ નિત્ય-કર્મમાં અર્થાત્ રોજે રોજ કરવાની ધાર્મિક - વિધિમાં ગૂંથી દીધી છે. વિશ્વામિત્રે આ પદ્ધતિને પોતાના ગાયત્રી મંત્ર દ્વારા લોકભોગ્ય કરી અને સપ્તર્ષિ મંડળમાં પ્રવેશ મેળવ્યો. પણ આ પદ્ધતિનાં મૂળ સંશોધક હતાં ભૃગુઋષિ. તેમણે ઋગ્વેદમાં 'સ્વજ્યોતિ સૂક્ત'માં તે વર્ણવી છે. સ્વજ્યોતિ એટલે આત્માનો પ્રકાશ. તેનું સતત ધ્યાન કરવાથી તે આત્મપ્રભા જ પ્રજ્ઞા-શક્તિને જાગૃત કરે છે, એવું તેમનું સંશોધન હતું. તેમણે તે પ્રકાશને શરીરમાં ઉતારવા શરીરનાં ચાર ભાગ કલ્પીને પ્રયોગ કરેલો. મસ્તક, બે હાથ, ધડ, બે પગ આ ચાર ભાગોમાં સુવર્ણમય આત્મપ્રભા (સ્વજ્યોતિ) ઓતપ્રોત છે એવું ક્રમશઃ ધ્યાન કરવાનું તેમણે સૂચવ્યું છે. અંતે સમગ્ર શરીરમાં ધ્યાન કરવું.

આ ધ્યાનથી આપણી બુદ્ધિમાં આંતરપ્રેરણાઓ જાગ્રત થવા માંડે છે, એ તેમાં વધારાનું સંશોધન વિશ્વામિત્રે કરેલ છે. આ આધ્યાત્મિક સાધના પદ્ધતિ એટલી લોકભોગ્ય બની ગએલી કે તેમાંથી સર્વમાન્ય વૈદિક સાધનાની પદ્ધતિઓ વિકાસ પામેલી જેમને દેવયાન પંથ તરીકે તત્કાલિન લોકો આળખતા. તેનો વિશાળ પ્રચાર કરનાર ઋષિ હતાં અંગિરાઋષિ. અને આ સાધનાના સાધકોને વેદકાળમાં 'આંગિરસાઃ' તરીકે લોકો જાણતાં. આપણને આ સાધનાના અવશેષો વારસામાં ગાયત્રી ઉપાસના, વૈશ્વદેવયજ્ઞ અને અગ્નિહોત્રવ્રત તરીકે મળેલાં છે.

આ પરંપરાને ધ્યાનમાં લઈને જ પતંજલીએ પોતાની સાધના પદ્ધતિમાં આને ઉપરોક્ત સૂત્રથી સ્થાન આપ્યું છે.

સૂત્રમાંનો વિશોકા શબ્દનો અર્થ છે શોક નિવારનાર. જ્યોતિષ્મતિનો અર્થ છે સર્વત્ર ફેલાએલો નિરાકાર પ્રકાશ અર્થાત્ ઉજાશ (ઓજસ).

આપણું શરીર શારીરિક વિદ્યુતથી સંચાલિત થાય છે. આપણાં શરીરને જરૂરી શારીરિક વિદ્યુત આપણા મગજનાં મધ્ય ભાગમાં સ્થિત પિનિયલ ગ્લેંડમાંથી મળે છે જે ભ્રુમધ્યની અંદરની બાજુ મગજના કેન્દ્રમાં છે. તે સૂર્ય પ્રકાશ માટે ખૂબ જ સંવેદનશીલ છે. આંખો દ્વારા મળતા પ્રકાશને સ્વીકારી તે તેમાંથી ૧૦ વોલ્ટની શારીરિક-વિદ્યુત તૈયાર કરે છે. તે પોતે સૂર્ય-બેટરીના સિદ્ધાંત મુજબ કામ કરે છે.

આ પિનિયલ ગ્લેંડ વાસ્તવિક પ્રકાશથી સક્રિય બને છે, તેમ કાલ્પનિક પ્રકાશથી પણ સક્રિય થઈ શારીરિક વિદ્યુત નિર્માણ કરી શકે છે. આ શારીરિક વિદ્યુતને જ પ્રાણશક્તિ કહે છે. પ્રકાશના ધ્યાનનું આ જ વૈજ્ઞાનિક રહસ્ય છે, જે ઉપરનાં સૂત્રમાં જણાવેલ છે. વધારે પ્રાણશક્તિના પુરવઠાને કારણે જેમ ખાતર પાણી મળતાં છોડ પોતાનો વિકાસ ઝડપી બનાવી શકે છે તેમ શારીરિક કોષોનો વિકાસ અને ઉત્ક્રાંતિ ઝડપી થાય છે. તેમની દ્વારા ચેતના વધારે શુદ્ધ સ્વરૂપે પ્રગટ થવા લાગે છે. તેમાં પોતામાં જ અવરોધક પ્રોગ્રામિંગનો નાશ કરી નવું રચનાત્મક પ્રોગ્રામિંગ કરવાની ક્ષમતા આવે છે. આને કારણે કોષો અચેતન અને અવચેતનનાં પ્રભાવમાંથી મુક્ત થાય છે અને સ્વતંત્ર બની ઊર્ધ્વમાંથી આવતી પ્રજ્ઞા-શક્તિએ આપેલી પ્રેરણાઓ અનુસાર વિકાસ સાધે છે. આ જ આ સાધનાનો આધ્યાત્મિક પરિણામ છે.

દરેક કોષમાં ચેતનાનો અંશ ધરબાએલો પડેલો જ હોય છે. તેણે પોતે કેવી રીતે વિકાસ પામશે તે બાબતનો પ્રભુનો સંકલ્પ ધારણ કરી રાખેલો હોય છે. આ સંકલ્પને જ 'ઋતમ્' કહે છે. 'ઋતમ્'નો અર્થ છે બીજસ્વરૂપે રહેલી સર્જનશક્તિ. ઋતુ શબ્દ તે ઉપરથી જ આવ્યો છે. દરેક ઋતુમાં ખાસ વનસ્પતિઓને ફળ ધારણ કરાવવાની ક્ષમતા હોય છે, તેથી તેને ઋતુ કહે છે. સ્ત્રી ગર્ભધારણાને માટે પુખ્ત થાય ત્યારે તેને ઋતુમતિ થઈ એમ કહેવાય છે. આપણે બધા જ જન્મ્યા છીએ તે આપણે ધારણ કરેલાં 'ઋતમ્'ને કારણે જ. તેથી આપણે બધા જ 'ઋતજ' છીએ. જેણે આ પોતાના ઋતમ્‌ને જાણી લીધો છે તે ઋત્વિજ કહેવાય છે. કારણ તે પોતાને તે ઋતમ્ મુજબ જ જીવન ધારણ કરે છે. જ નો અર્થ જાણનાર (જાનાતિ) એવો પણ છે. પતંજલીએ બીજા સૂત્રમાં આ જ ઘટના વર્ણવી છે તેની પ્રજ્ઞાદ્વારા ઋતમ્ પ્રગટ થવા લાગે છે. તે છલોછલ ઋતમ્‌ના પ્રકાશથી ભરાઈ જાય છે (ઋતંભરા).

આવી પ્રજ્ઞાશક્તિના જાગરણ માટે જ અરણ્યવાસી સાધકો, યોગીઓ ધૂણી ધખાવીને સાધના કરતાં. ધૂણીનો અગ્નિ તેમને પ્રકાશનું ધ્યાન કરવામાં એક બાહ્ય આધાર તરીકે મળતો. દીવો કરવાનું કારણ પણ આ જ છે. ખ્રિશ્ચિયનો કેન્ડલ કરે છે તેનું કારણ આ જ છે. ઈસ્લામ ધર્મમાંની નૂરાની સાધના પણ આ જ છે. નૂર એટલે પ્રકાશ.

મોઝેસને અગ્નિદ્વારા જે દશ આજ્ઞાઓ મળી તેનું રહસ્ય આ જ છે. જૈનોનું શુક્લધ્યાન આ જ પદ્ધતિ છે. જ્યારે બૌદ્ધોનો વજ્રયાન પંથમાં હીરક પ્રકાશ (વજ્ર)નાં ધ્યાનનું મહત્ત્વ આને કારણે જ છે. લગભગ બધા જ ધર્મોમાં આવા કોઈ પ્રકાશની આરાધનાનાં સંદર્ભો મળી રહે છે.

પણ આ બધી જ જરીપુરાણી સાધના પદ્ધતિઓને નવું આધુનિક વૈશ્વિક સ્તરે માન્ય એવું ક્લેવર આપવું જરૂરી છે.

ભારતીય-યોગ પ્રણાલીમાં દરેક યોગ-ચક્ર વિશિષ્ટ પ્રકાશ રંગને ધારણ કરીને શરીરને ઊર્જા પૂરી પાડે છે એવી માન્યતા છે. કલરથેરેપી આ જ સિદ્ધાંતનો ઉપયોગ કરે છે. ભારતીય શ્રીવિદ્યા આ પ્રકાશની આરાધનાનું જ ખાસ સ્વરૂપ છે, જેમાં ચેતનાના વિશેષ ગુણો અને ક્ષમતાઓને (શ્રીને) વિકસાવવાની સાધના જણાવેલ છે.

આ વિસરાએલી વૈશ્વિક પરંપરાઓનો અભ્યાસ કરી તેમને રાષ્ટ્રિય - શિક્ષણ - પ્રણાલીમાં નવા ઢાળે ઢાળી તેનો ઉપયોગ કરવાની જરૂર છે.

પ્રજ્ઞાશક્તિ મૂળ સર્જનશક્તિ છે. તે મૂળ જ્ઞાનશક્તિ છે. અન્ય બધી જ ક્ષમતાઓ તેના વિવિધ આવિર્ભાવો માત્ર છે. દા.ત. ઈન્દ્રિયોની સંવેદનાક્ષમતા, મનની એકાગ્રતા અને વ્યવસ્થાપન ક્ષમતા, બુદ્ધિની આકલનક્ષમતા, ચિત્તની સ્મૃતિક્ષમતા તથા તાદાત્મ્ય ક્ષમતા. પ્રજ્ઞાના જાગરણથી આ બધી જ ક્ષમતાઓ પોતાની મેળે વિકસે છે. તેમનો વ્યક્તિગત વિકાસ કરવો, તેથી સહેલો થઈ જાય છે. પ્રજ્ઞાશક્તિ અસીમ, પ્રકાશમય, નિર્લેપ, શાંત એવી ચેતનામાં જ ગતિ કરે છે. ઉપર જણાવેલ કોઈપણ એક પાસાના અભ્યાસથી તે જાગૃત થાય છે. અસીમતા અને નિર્લેપતાની સાધના માટે પોતાની ચેતનાને આકાશની જેમ અસીમ અને નિર્લેપ અનુભવવાની સાધના છે જેનું સૂત્ર છે ''ખં બ્રહ્મ ઈતિ ઉપાસિત''


## કેન્દ્રનું નવું પ્રકાશન

**'દિવ્યમાનવ - નવસર્જન'** - લે. માનસિંહ ચાવડા

સત્પ્રેમનાં ન્યૂ સ્પેસીસ ગ્રંથમાંના શ્રી માતાજીની દિવ્ય-દેહ સર્જનની પ્રક્રિયાઓ વિષે જે અનુભૂતિઓ જણાવેલ છે, તેમના આધારે દિવ્ય-દેહ સર્જનની સળંગ પ્રક્રિયા વર્ણવતો અભ્યાસપૂર્ણ અદ્ભુત ગ્રંથ. પૃષ્ઠ સંખ્યા ૩૪૪. કિંમત : ૨૫૦/- પ્રકાશિત થઈ ચૂક્યો છે. - તંત્રી

# સુંદર કથાઓ

- માતાજી

### સંક્ષિપ્ત સુગમ સમજૂતી - માનસિંહ ચાવડા

## પુરાણોનું સત્ય

(પેજ - ૧૦૫-૧૦૬)

ભારતીય પુરાણોનાં વર્ણનોમાં ગામગપાટા જ હોય એમ લાગે છે. બધું જ શેખચલ્લી વિચાર. વાસ્તવિકતા કાંઈ જ નહિ. પણ તેવું નથી. તેઓ સાંકેતિક ભાષામાં, પ્રતીકાત્મક ભાષામાં જગતનું ગહન સત્ય જણાવતા હોય છે. તે ગૂઢ અર્થ શોધી કાઢવો જરૂરી છે. એક દાખલો જ લો.

તેઓ શરીરને પૃથ્વી કહે છે અને તેમાં કળી આકારનો ચૈત્યપુરુષ રહે છે એમ જણાવે છે તેને તે જંબુદ્વીપ કહે છે અને તેને ઘેરીને એકથી એક વધારે વિશાળ એવા ભૂમિપ્રદેશ અને સાગર એમ વારાફરતી સાત વખત આવેલાં છે. દરેક ભૂમિપ્રદેશ જુદા જ પ્રકારનો. મીઠાનો, દૂધનો, ઘીનો, દહીંનો, મધનો, સાકરનો અને શુદ્ધ પાણીનો. દરેક એકથી એક વધારે મધુર. છેલ્લો તો સહુથી વધારે મધુર.

જંબુ એટલે જાંબુડું. આપણો ચૈત્યપુરુષ જાંબુડા જેવા આકારનો છે એમ તે જણાવે છે. દ્વીપ એટલે એવો ભૂમિપ્રદેશ જેના ત્રણ બાજુ પાણી હોય પણ એક બાજુ ભૂમિ પ્રદેશથી જોડાએલો હોય. આપણા ભારત જેવો. તેમ આપણો ચૈત્યપુરુષ પરમ-ચેતના સાથે જોડાએલો જ છે.

આપણે જાણીએ છીએ કે પૂજામાં આપણે પંચામૃત વાપરીએ છીએ. તેમાં દૂધ, દહીં, ઘી, મધ, ખાંડ વાપરીએ છીએ, તે બધાનો સ્વાદ એકથી એક ચડિયાતો છે, વધુ ને વધુ મધુર છે. તે પંચમહાભૂતોનાં પ્રતીક છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચ વસ્તુઓનું ઘનીભૂત થએલ તત્ત્વ એટલે આપણું શારીરિક તત્ત્વ જેનું આપણું શરીર બનેલું છે. જડભૌતિક તત્ત્વમાં ઉપરનાં બધા જ રસો છે તેથી સબરસ કહે છે. સબરસ એટલે મીઠું. ચેતના એ છેલ્લું તત્ત્વ છે જેને નિર્મળ પાણી ગણ્યું છે. પાણીને પોતાનો આકાર નથી. પાણીને જીવન કહે છે, તેમ ચેતનાને પોતાનો આકાર નથી. તે નિરાકાર છે. તે શરીર દ્વારા પ્રગટ થાય ત્યારે તેને 'જીવન' કહે છે.

દરેક તત્ત્વને પોતાની ચેતના છે. આપણો ચૈત્યપુરુષ જંબુદ્વીપ આ સાત ચેતનાનાં સાગરથી ઘેરાયેલો છે. આ સાતે ચેતનાએ પોતપોતાનો શરીરનો ભાગરૂપી ભૂમિપ્રદેશ સર્જેલો છે, જેમને સપ્તધાતુ કહે છે. રક્ત, મેદ, માંસ, મજ્જા, અસ્થિ, ત્વચા અને

(પૃ. ૩૭ ઉપર)

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## વૈદિક સૂકતો - દિવ્ય-દેહ નિર્માણ

(સ્વજર્યોતિ-સૂકત)-(ચાલુ) પ્રકરણ - ૩

**૪ સ્વર્યં તો નાપેક્ષંત આ દ્યાં રોહંતિ રોદસિ।**
**યજ્ઞં યે વિશ્વતોધારં સુવિદ્વાંસો વિતેનિરે॥**

જે શ્રેષ્ઠ સાધકો (યે વિદ્વાંસો) વિશ્વ-વિકાસના આધારરૂપ ઉત્ક્રાંતિ સ્વરૂપ (વિશ્વતોધારમ્) યજ્ઞને આગળ ધપાવવા માંગે છે (યજ્ઞમ્-વિતેનિરે) તેઓ શરૂઆતથી અર્થાત્ ભૂર્લોકથી સ્વર્ગલોક સુધીનાં (આદ્યાં સ્વર્યં તો) લોકોની અપેક્ષા જ કરતા નથી (નાપેક્ષંત) પણ તેની પણ ઉપરના આત્મપ્રભાનાં પ્રદેશમાં, અતિમનસમાં (રોદસિ) ઊર્ધ્વગમન કરે છે (રોહંતિ)

**૫ અગ્ને પ્રેહિ પ્રથમો દેવતાનાં ચક્ષુ ર્દેવાનામુત માનુષાણામ્।**
**ઈયક્ષમાણા ભૃગુભિઃ સજોષાઃ સ્વર્યતુ યજમાનાઃ સ્વસ્તિ॥**

શરીરસ્થ ચૈત્યપુરુષ સ્વરૂપ અગ્નિ (અગ્ને) તમે ઊર્ધ્વગમન કરો (પ્રેહિ) તમે જ દિવ્યતા પ્રાપ્ત કરવાનું પ્રથમ સાધન છો (પ્રથમો-દેવતાનામ્) તમે જ દેવોનાં તથા માનવોનાં માર્ગદર્શક આંખસ્વરૂપ છો (દેવાનાં-માનુષાણામ્ ચક્ષુઃ) આ દેવયાન પંથની સાધના કરનારા ભૃગુ ઋષિ જેવા સાધકો આપને જ આરાધે છે. (ભૃગુભિઃ ઈયક્ષમાણા) અને તેથી તેમના યજમાનોનું પત્ની સાથે (યજમાનાઃ સજોષઃ) કલ્યાણ થાય છે (સ્વસ્તિ) અને તેઓ સ્વર્ગમાં જાય છે (સ્વર્યતુ)

**૬ અજનજિમ પયસા ધૃતેન દિવ્યં સુપર્ણ પયસં બૃહંતમ્।**
**તેન ગેષ્મ સુકૃતસ્ય લોકં સ્વરારોહંતો અભિનાકમુત્તમમ્॥**

આ દિવ્યપ્રકાશ સ્વરૂપ (દિવ્યં) સર્વત્ર ફેલાયેલું (સુપર્ણમ્) અસીમ (બૃહંતમ્) સ્ફટીક જેવા પારદર્શક શ્વેતપ્રકાશમય (પયસં) ચૈત્યપુરુષને (અજં) અભીપ્સાસ્વરૂપ દૂધથી (પયસા) અને આનંદસ્વરૂપ ઘીથી (ધૃતેન) આરાધીએ છીએ (અનજિમ). તેના પ્રકાશમય પાસાનું (તેન ગેષ્મ) ધ્યાન કરીને (સુકૃતસ્ય) ચેતનના ઊર્ધ્વ સ્તરોમાં (સ્વર્લોકમ્) આરોહણ કરીએ છીએ. (આરોહંતો) અને તેની પારના ઉત્તમ લોકમાં - આત્મપ્રભાના અતિમનસ જગત તરફ પ્રયાણ કરીએ છીએ. (અભિનાકં-ઉત્તમમ્)

**૭ પંચૌદનં પંચભિઃ અંગુલિભિઃ દ્રવ્યોદ્ધર પંચધેઃ તમોદનમ્।**
**પ્રાચ્યાં દિશિ શિરો અજસ્ય ધેહિ દક્ષિણાયાં દિશિ દક્ષિણં ધેહિ પાર્શ્વમ્॥**

ભાતના હવિર્ભાગને (પંચૌદનં) પાંચ આંગળીઓથી (પંચભિઃ અંગુલિભિઃ) પાંચ પ્રકારે (પંચધેઃ) પાંચ ઓદન, હવિર્દ્રવ્ય તરીકે વિભાજિત કરો (દ્રવ્યોદ્ધર) આ પાંચ ઓદન હવિર્દ્રવ્યને સનાતન ચૈત્યપુરુષ તરીકે સમજો. તેનું મસ્તક પૂર્વ દિશામાં (પ્રાચ્યાં દિશિ શિરો અજસ્ય) દક્ષિણ દિશામાં પીઠનાં ભાગને મૂકો (પાર્શ્વ દક્ષિણાયાં દિશિ દક્ષિણમ્)

**૮ પ્રતીચ્યાં દિશિ ભસદં અસ્ય ધેહિ ઉત્તરસ્યાં દિશુ ઉત્તરં ઘેહિ પાર્શ્વમ્।
ઉર્ધ્વાયાં દિશુ અજસ્યાનૂકં ધેહિ દિશિ ધ્રુવાયાં ધેહિ પાજસ્ય અંતરિક્ષે મધ્યતો મધ્યમસ્ય॥**

આ સનાતન પુરુષના કમરના ભાગને (અસ્ય ભસદં) પશ્ચિમ દિશામાં (પ્રતીચ્યાં દિશિ) મૂકો. પીઠનાં ઉત્તર તરફનાં ભાગને ઉત્તર દિશામાં મૂકો (પાર્શ્વમ્ ઉત્તરસ્યાં અજસ્ય દિશિ ઉત્તરમ્). આ સનાતન પુરુષના પેટના ભાગને નીચે સ્થાપિત કરો (અનુક્રમ) પીઠને ઉપરની બાજુ સ્થાપિત કરો (પાર્શ્વં ઉર્ધ્વાયાં). મધ્યભાગને ધડને (મધ્યસ્ય) મધ્યમાં, અંતરિક્ષમાં સ્થાપિત કરો (મધ્યતો અંતરિક્ષે).

**૯ શૃતમજં શૃતયા પ્રોર્ણુહિ ત્વચા સર્વૈરંગૈઃ સંભૃતં વિશ્વરૂપમ્।
સઉત્ તિષ્ઠેતો અભિ નાકમુત્તમં પદ્ભિઃશ્ચતુર્ભિઃ પ્રતિતિષ્ઠ દિક્ષુ॥**

(અહીં હવે મંત્ર ૭-૮માં જે કર્મકાંડ કહ્યું છે તે કરતી વખતની વિભાવના જણાવે છે) તે સનાતન પુરુષરૂપી ચૈત્યપુરુષને ફેલાવો (શૃતમજં). ફેલાવાની ભાવનાથી સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપી જાઓ (શૃતયા પ્રૌર્ણુહિ). જાણે બધાં જ અંગોને (સર્વરંગૈઃ) વિશ્વ્યાપકતાની (વિશ્વરૂપમ્) ચામડીથી (ત્વચા) આચ્છાદિત કર્યાં હોય (સંભૃતં) તે જાણે (સઉત્) બન્ને હાથ અને બન્ને પગથી (પદ્ભિઃ) ચારે દિશામાં (ચતુર્ભિ દિક્ષુ) બધે જ હાજરાહજૂર છે. (પ્રતિતિષ્ઠ તિષ્ઠેતો) અને તે સ્વર્ગલોકથી પણ ઉત્તમ એવા અતિમનસ (ઉત્તમં અભિનાકમ્) તેજસ્વરૂપ છે (તેવું ધ્યાન કરવું) - પૂર્ણ.

---

(પૃ.૩૫ ઉપરથી)

**સુંદર કથાઓ**

વીર્ય. આ સાત ધાતુ છે. ધાતુ એટલે ધારણ કરનાર. તેઓ અતિમનસને ધારણ કરશે.

પણ બધાં જ તત્ત્વોને વ્યવસ્થિત વિકસાવવા જોઈએ. પ્રભુ સાથે જોડવા જોઈએ અને પ્રભુના કાર્ય માટે વાપરવા જોઈએ. તેમની વચ્ચે સુસંવાદ રચવો જોઈએ.

જીવનનો મધુર આનંદ માણવાનો આના કરતાં સારો રસ્તો નથી.

તો શું આપણે તેનો ઉપયોગ નહિ કરીએ ?

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## બ્રહ્મવિદ્યા

પ્રકરણ -૯ - (૬/૮ - ૧૬)

અત્યાર સુધી જણાવેલી બધી વિદ્યાઓ એ બ્રહ્મવિદ્યાનાં જ વિવિધ સ્વરૂપો છે. હવે અહીં મૂળભૂત બ્રહ્મવિદ્યા સજાવવામાં આવે છે.

અરુણઋષિનાં પુત્ર ઉદ્દાલકે પોતાના પુત્ર શ્વેતકેતુને જણાવ્યું :

''બેટા, આપણા કુળમાં બધા જ વેદવિત્ હોય છે, વેદજ્ઞાન વગરનો 'બ્રહ્મબંધુ' રહેતો નથી. વેદજ્ઞાન વગરનાને 'બ્રહ્મબંધું' તરીકે બોલાવે છે તે ગાળ છે. તેનો અર્થ છે બ્રહ્મ જેમ અવ્યક્ત તત્ત્વ છે તેમ જેની બુદ્ધિ પણ અવ્યક્ત જ રહે છે, અવિકસિત છે, તેવો મંદબુદ્ધિ અને બુદ્ધિહીન વ્યક્તિ.''

શ્વેતકેતુ બાર વર્ષનો થએલો. તેને ગુરુગૃહે આશ્રમે મોકલ્યો. ત્યાં તેનો ઉપનયન સંસ્કાર થયો. ગુરુ પાસે લઈ જવો તેને 'ઉપનયન' કહે છે, ત્યાં વેદ ભણવાની પ્રતિજ્ઞા અને વ્રત લેવરાવે છે. તેને ગુરુએ સ્વીકાર્યો છે માટે જનોઈરૂપી આયડેન્ટી-કાર્ડ જાણે અપાય છે. બાર વર્ષ ભણી શ્વેતકેતુ ચોવીસમે વર્ષે સમાવર્તન સંસ્કાર બાદ ઘરે આવ્યો. સમાવર્તન એટલે વેદાધ્યનની પૂર્ણતાનો દીક્ષાંત સમારોહ.

પિતાએ પુત્રને પાસે બેસાડી પૂછ્યું, ''બેટા, તને તારા ગુરુએ અંતે ગૂઢ-બ્રહ્મ તત્ત્વ વિષે જણાવ્યું છે?''

''ના, તાત. મને તેવું કાંઈ ભણાવ્યું નથી. શું આપ ગુરુ તરીકે નહિ ભણાવો ?''

પિતાએ સંમતિ આપી. તેને એકાંતમાં લઈ ગયા અને વેદ રહસ્ય સમજાવવાની શરૂઆત કરી :

''બેટા, બ્રહ્માંડ જ્યારે અસ્તિત્ત્વમાં જ નહોતું ત્યારે ફક્ત શુદ્ધ અસ્તિત્ત્વ સ્વરૂપ નિરાકાર 'સત્' હતું. આપણે સાકાર જગતને જ સત્ય માનીએ છીએ, તેથી ઘણા ઋષિઓ તે મૂળ સત્‌ને, આ જગતને સત્ય ગણીએ તો તેથી અલગ 'અસત્' કહે છે. ત્યાં અસત્ એટલે નિરાકાર અસ્તિત્ત્વ. સૂક્ષ્મ અસ્તિત્ત્વ. આ જગત સાકાર અસ્તિત્ત્વ ધરાવે છે. બન્ને મળીને સર્વાંગપૂર્ણ 'સત્' થાય છે. સત્ તત્ત્વ વ્યક્ત કે અવ્યક્ત રહેવાની બન્ને ક્ષમતા રાખે છે.

આ સત્-તત્ત્વ જીવંત ચેતનાસ્વરૂપ હતું. તેણે સંકલ્પ કર્યો. હું અનેક રૂપે વ્યક્ત થાઉં અર્થાત્ સાકાર સ્વરૂપે વ્યક્ત થાઉં અને તેથી તે નિષ્ક્રિય સત્માં સંકલ્પનાં પ્રવાહો વહેવા લાગ્યાં. આ પ્રવાહી સ્થિતિને 'આપ' અર્થાત્ જળ કહેવામાં આવે છે. કારણ તે હજી સત્ની જેમ નિરાકાર જ હોય છે. પાણીને પોતાનો આકાર નથી. જેવું પાત્ર તેવો તેનો આકાર. તેમ છતાં તે સત્ની જેમ નિષ્ક્રિય નથી પણ સક્રિય અને પ્રવાહી છે, તેથી તેને 'આપ' ગણ્યું.

આ 'આપ'ની પ્રવાહી સ્થિતિમાંથી પછી ધીમે ધીમે તે ઘનીભૂત થઈને જડ ભૌતિક તત્ત્વ (matter) બન્યું અને તેમાંથી સજીવ શારીરિક તત્ત્વ (Physical) બન્યું. આ શારીરિક તત્ત્વ અન્નથી પોષાય છે, તેથી પણ 'અન્ન' કહેવામાં આવ્યું. આમ સત્માંથી આપ અને આપમાંથી અન્ન બન્યું. આ 'અન્ન', શારીરિક તત્ત્વમાંથી અનંત યોનિ સ્વરૂપ પ્રાણી, જીવજંતુ અને વનસ્પતિ જગત બન્યું.

શ્વેતકેતુ, પેલું જે મૂળ સત્ છે તે બધા જ જડ ચેતનનો આત્મા છે અને તે જ આત્મા તું છે (તત્ત્વમસિ)

બેટા, જેમ મધમાખી પુષ્પોમાંનું મધ મધપુડામાં ભેગું કરે છે તે પછી તે મધ કયા પુષ્પનું છે, તે તે મધમાખી પણ જાણતી નથી. તેમ આત્મજ્ઞાન વિનાના અજ્ઞાની લોકો પોતાનું મૂળ-તત્ત્વ સ્વરૂપ આત્માને ભૂલી જાય છે. અને અનંત યોનિઓમાં જન્મમૃત્યુના ફેરામાં અટવાઈ ફર્યા કરે છે.

જેમ અનેક નદીઓનું પાણી સમુદ્રમાં મળ્યા પછી પોતાનો મૂળ સ્રોત ભૂલી જાય છે, તેમ અજ્ઞાની લોકો પોતાના મૂળ-સ્વરૂપને, આત્માને ભૂલી જાય છે.

આપણે બધા મૂળભૂત રીતે સત્-સ્વરૂપ જ છીએ તે જાણ.

''તાત, મને વધારે સમજાવો''

''બેટા, જેમ વૃક્ષના મૂળીએ ઘા કરો તો તેમાંથી તે જ રસ શ્રવે છે જે મધ્યમાં કે ટોચ ઉપર ઘા કરવાથી. રસ સમગ્ર વૃક્ષમાં ઓતપ્રોત છે. તે સર્વવ્યાપી છે તેમ આત્મતત્ત્વ પણ બધે જ છે, તે પણ સર્વવ્યાપી છે.

'શ્વેતકેતુ, તેવું સર્વવ્યાપી તત્ત્વ તું પોતે જ છે.'

''ભગવન્, મને રસ પડે છે. વધારે સમજાવો.''

''બેટા, સામેના વડના ટેટાં લઈ આવ.''

શ્વેતકેતુ દોડતો ગયો અને લાલ લાલ ટેટાં લઈ આવ્યો.

''તેમાંનું એક લઈને ભાંગ''

શ્વેતકેતુએ ભાંગ્યું.

''શું છે બેટા, અંદર?''

''તાત્, અંદર નાનાં નાનાં સૂક્ષ્મ બીજો છે.''

''તેમાંથી એક હાથમાં લે.''

શ્વેતકેતુએ માંડ માંડ એક બી પોતાના ડાબા હાથની હથેળીમાં સાફ કરી મૂક્યું.

''બેટા, આ બી તું વાવીશ તો વડ ઉગીને વડલો થશે કે નહિ?''

''તાત, જરૂર થશે.''

''પણ હાલમાં તને દેખાય છે?''

''ના, તાત''

''પણ સૂક્ષ્મ સ્વરૂપે તો છે જ ને? નહિ તો બી વડલો કેવી રીતે ઉગાડે?''

''હા, તાત''

''બેટા, જેમ વડના બીમાં વડ દેખાતો નથી તેમ આ તારા શરીરમાં પણ આત્મા દેખાતો નથી પણ સૂક્ષ્મરૂપે, અવ્યક્તરૂપે છે જ.''

''તે અવ્યક્ત આત્મા તું જ છે, બેટા''

''તાત, મને ખૂબ જ રસ પડે છે આ બ્રહ્મવિદ્યામાં. મને વધારે જણાવો.''

''બેટા, તું હમણા પાણીના એક પાત્રમાં મીઠાનો ગાંગડો નાખી રાખજે. સવારે મારી પાસે આવજે.''

બીજે દિવસે પાણીના પાત્ર સાથે શ્વેતકેતુ આવ્યો.

''બેટા, તને આમાં મીઠાનો ગાંગડો દેખાય છે?''

''ના તાત, તે તો ઓગળી ગયો છે.''

''હવે, તે પાણીને ચાખ, કેવું લાગે છે?''

''ખારું તાત''

''અર્થાત્ મીઠું ખારાશ તરીકે હાજર જ છે.''

''હા, તાત''

''તેમ જ બેટા, આત્મતત્ત્વ આપણામાં અસ્તિત્વ અને જીવન તરીકે હાજર જ છે. તે જીવનનાં મૂળ સ્વરૂપ આત્મા તું જ છે શ્વેતકેતુ.''

''તાત, હજી મને વધારે સમજાવો''

''બેટા, એક લૂંટારૂ ટોળીએ ગાંધાર પ્રદેશનાં એક શ્રીમંત નબીરાને લૂંટી આંખે પાટા બાંધી હાથપગ બાંધી જંગલમાં નાખી દીધો.''

તે નબીરો તેને બચાવવા રાડો પાડી રહ્યો હતો. ત્યાં એક ભલા માણસે તેની રાડ સાંભળી તેને શોધી કાઢ્યો. તેના હાથપગ છોડાવ્યા. તેના આંખો પરની પટ્ટી છોડી અને ગાંધાર-દેશ તરફ જવાનો માર્ગ જણાવ્યો. તે નબીરો આદરણીય લોકોને પૂછતો પૂછતો પોતાના માદરેવતન પાછો ફર્યો. બેટા, સંસારનાં બંધનો એ જ બાંધેલાં હાથપગ છે. આંખની પટ્ટી એ આત્મા બાબતનું અજ્ઞાન છે. જંગલ એ ગુરુ વિનાનું જીવન છે. રાડો પાડવી એ બ્રહ્મ-જિજ્ઞાસા છે. ભલો માણસ સદ્‌ગુરુ છે. તેણે બતાવેલી ગાંધાર દેશની દિશા એ ગુરુપદેશ છે. આદરણીય માણસો એ સાધુસંતો છે. ગાંધાર તરફનો પ્રવાસ એ સાધના છે. ગાંધારદેશ એ આપણો આત્મા છે. આપણું માદરેવતન છે.

''બેટા, આત્મપ્રાપ્તિ એ જ જીવનનું મૂળ-ધ્યેય છે.''

''તાત, મને વધારે સમજાવો.''

''બેટા, રોગગ્રસ્ત મરણાસન્ન વ્યક્તિને તેનાં સગાં ગાલ થપથપાવીને પૂછે છેઃ મને ઓળખો છો ? પણ તે ભાન ખોઈ બેઠો હોય તો ઓળખી શકતો નથી. તેમ બેટા, હજી શરીર જર્જર થયું નથી. શરીર, મન, પ્રાણમાં શક્તિ છે. ચિંતન મનન સભાન રીતે કરી શકાય છે. ત્યારે જ આત્મતત્ત્વને જાણી લેવો જરૂરી છે. પછી તેને આત્માની પ્રાપ્તિ પેલા રોગીની જેમ મુશ્કેલ બની જાય છે.''

''તાત, હજી જણાવો.''

''બેટા, દંડનાયક ચોરને થાંભલા સાથે કચકચાવીને બાંધે છે. પછી ચાકરોને પરશુ તપાવવા કહે છે. જો પરશુથી દાઝશે તો તે ચોર પુરવાર થશે અને નહિ દાઝે તો તેને નિર્દોષ ગણવામાં આવશે એ તે જાણતો હોય છે.'' સાચો દાઝતો નથી તેમ આત્મતત્ત્વ જાણનાર સંસારના તાપથી દાઝતો નથી. તે બધાં દુઃખોથી મુક્ત થઈ જાય છે.''

હવે શ્વેતકેતુએ જાણ્યું કે તે પોતાના મૂળ સ્વરૂપને ભૂલી ગએલો છે. તે આત્મતત્ત્વ સર્વવ્યાપી છે. સૂક્ષ્મ છે. અવ્યક્ત છે. જીવન તરીકે વ્યક્ત થાય છે પણ આપણે તેને ઓળખી શકતા નથી. ગુરુના ઉપદેશ વગર મળવો મુશ્કેલ છે. જીવનનો મૂળભૂત ઉદ્દેશ જ આત્મપ્રાપ્તિ છે. તે શરીર નિરોગી હોય ત્યારે જ મેળવી લેવો જરૂરી છે. આત્મપ્રાપ્તિથી દુઃખમુક્તિ મળે છે. મોક્ષ મળે છે.

તેવો આત્મા જ હું છું.

''અહમ બ્રહ્માસ્મિ''

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન ઑગસ્ટનાં ૨૦૦૯ના Next Futureનો સાર - સાભાર)

## વેડફાતો અમૂલ્ય સમય

**આપણે પ્રમાણિકતાથી જોઈશું તો આપણને મળેલ સમયને આપણે અમુક વસ્તુઓનો અતિરેક કરવામાં જ વેડફી નાખીએ છીએ. શું ખાવુંપીવું, શું પહેરવું - ઓઢવું, વગેરે વગેરે. અવચેતનના વિચારપ્રવાહ સાથે આવા પણ વિચારપ્રવાહો સતત મનમાં ચાલતા જ હોય છે. મન તેમાં જ રોકાએલું હોય છે.**

**તે અતિરેકમાં વેડફાતા સમયમાંનો થોડો ભાગ રાષ્ટ્ર માટે વાપરતા જ રાષ્ટ્ર દિને દિને શું પ્રગતિ કરશે એ વિચારી તો જુઓ. આપણે હજી સમર્થ રાષ્ટ્ર તરીકે ઊભરી રહ્યાં જ નથી. પરિણામ શૂન્ય વાતોમાં વપરાતો આ સમય થોડી ક્ષણો પૂરતો પણ રચનાત્મક કાર્યમાં વાપરવાનો સમય આવતા આપણે મૂંઝાઈ જઈએ છીએ. આ આપણી વ્યક્તિગત નબળાઈ છે. આપણા રાષ્ટ્ર અને જગત જેના આપણે અંશ છીએ, તેના વિકાસમાં હવે ધ્યાન પરોવવું જરૂરી છે.**

# શ્રી અરવિંદ પુદુચેરી આગમન શતાબ્દી

## આધ્યાત્મિક બનવાની સંમતિ

- હર્ષદ ઠકરાર

શ્રી અરવિંદ પુદુચેરી આગમન શતાબ્દી આપણે સૌ ઉજવી રહ્યા છીએ. આ શતાબ્દી ઉજવણીનો હેતુ શું છે ? આ શતાબ્દીનો હેતુ સાધકે તેના જીવનમાં આધ્યાત્મિક પ્રગતિ થાય તેવા ભાવથી ઉજવવાથી થાય છે.

સાધકે આધ્યાત્મિક પ્રગતિ ક્યા માર્ગે સાધવાની છે। પ્રગતિ સાધવા માટે સાધકને શ્રી માતાજી અને શ્રી અરવિંદનાં સુભાષિતો માર્ગદર્શક બને છે. આ સુભાષિતોના આચરણ દ્વારા સાધક પોતાના ભૌતિક જીવનને દિવ્ય જીવનમાં રૂપાંતરિત કરી શકે છે.

સાધક કોઈ પણ વિચારને ત્યારે જ આચરણમાં મૂકી શકે છે જ્યારે તેના મન અને પ્રાણે સંમતિ આપી હોય છે. આથી જ શ્રી માતાજી સાધકને તેની સંમતિ દ્વારા ભૌતિક જીવનને આધ્યાત્મિક જીવનમાં રૂપાંતર કરવા જણાવે છે :

Sri Aurobindo Says : "All world change if man could once conset to be spiritulised." - The Mother

આધ્યાત્મિક બનવાની સંમતિ એટલે હાલ માનવ જે ભૌતિકવાદી જીવન જીવી રહ્યો છે, તે જગતમાંથી મુક્ત થઈ આધ્યાત્મિક જગતમાં પ્રવેશ કરવા માટેના કર્મનો પ્રારંભ.

ભૌતિકવાદી જીવન એટલે સાધકમાં રહેલ ગુણો જેવા કે દ્વન્દ્વો, અચેતનતા, અજ્ઞાન, જડતા અને જૂઠાણા દ્વારા સંચાલિત જીવન.

આધ્યાત્મિક જીવન એટલે સાધકમાં રહેલ ગુણો જેવા કે એકત્વ, સચેતનતા, રીતિ, ગતિ, સત્ય દ્વારા સંચાલિત જીવન.

સાધકના જીવનમાં રહેલ ભૌતિક ગુણોનું આધ્યાત્મિક ગુણોમાં રૂપાંતર ત્યારે જ થઈ શકે કે જ્યારે સાધક શ્રી માતાજી જણાવે છે તે મુજબ પ્રભુની દિવ્યશક્તિ દ્વારા નિયંત્રિત થાય.

"It is the Lord who sets all in motion from the depth of the

being; it is his will that direct his force that acts." - The Mother

સ્વરૂપનાં અંતરતમ ઊંડાણમાંથી પ્રભુ પોતે બધું ગતિમાં મૂકે છે, એમની જ ઈચ્છા દોરે છે, એમની શક્તિ નિયંત્રણ કરે છે. - શ્રી માતાજી

શ્રી માતાજી જણાવે છે તે મુજબ સાધકના જીવનનું સમગ્ર સંચાલન હૃદયના અંતરતમ ઊંડાણમાં રહેલ પ્રભુ દ્વારા નિયંત્રિત ત્યારે જ શક્ય બને કે જ્યારે સાધક આધ્યાત્મિક બનવા સંમતિ આપે.

સાધકની આધ્યાત્મિક બનવાની સંમતિ એટલે સાધકે પોતાની આસપાસ અહંકારરૂપી બાંધેલ કોચલામાંથી મુક્તિ. જે રીતે ઈંડાંમાં રહેલ પંખીનું બચ્ચું અંદરથી ચાંચ મારી ઈંડાંના કોચલાને તોડી બહાર આવી પોતાના નૈસર્ગિક સ્વભાવ પ્રમાણે જીવન જીવવાની શરૂઆત કરે છે, તે જ રીતે માનવના હૃદયના અંતરતમ રહેલ પ્રભુનો અંશ આત્મા માનવને અહંકારરૂપી કોચલામાંથી મુક્ત કરી માનવને આત્માના નૈસર્ગિક સ્વભાવ અને સ્વધર્મ પ્રમાણે જીવન જીવવાની પ્રેરણા, જ્ઞાનપ્રકાશ અને શક્તિ આપે છે.

આત્માનો સ્વભાવ અને સ્વધર્મ એટલે આ જગતમાં પ્રભુનો પ્રકાશ, પ્રેમ, શાંતિ અને સત્‌નો આવિર્ભાવ કરવો. આ આવિર્ભાવ ત્યારે જ શક્ય બને જો માનવ પોતાના મન અને પ્રાણમાંથી મુક્ત થઈ ચૈત્ય પુરુષને અગ્રભાગે લાવી ચૈત્યપુરુષ દ્વારા સંચાલિત થાય.

માનવનું ચૈત્યપુરુષ દ્વારા સંચાલિત થવું એટલે માનવનું અતિમાનવમાં રૂપાંતર થવું.

શ્રી અરવિંદનું જીવનકાર્ય માનવનું અતિમાનવમાં રૂપાંતર કરવાનું છે. આ કાર્ય દ્વારા શ્રી અરવિંદે પૃથ્વી ઉપર અતિમનસ ચેતના, પ્રકાશ, શક્તિ તથા પ્રેમને સ્થાપવા ઈચ્છ્યું છે. આમ સાધકની આધ્યાત્મિક બનવા સંમતિ એટલે સાધકના હૃદયમાં રહેલ પ્રભુને તેમની ઈચ્છા મુજબ પ્રભુની જ શક્તિ દ્વારા નિયંત્રિત થવું.

સાધક દ્વારા આધ્યાત્મિક બનવાની સંમતિ એ જ છે શ્રી અરવિંદની પુદુચેરી આગમન શતાબ્દીની સાચી ઉજવણી. આપણે સાથે મળી આ શતાબ્દી ઉજવણીનો આનંદ-ઉત્સવ અનુભવીએ.

ૐ શાંતિ, શાંતિ, શાંતિ.

# વિજ્ઞાન અને અધ્યાત્મ

- માનસિંહ ચાવડા

## અધ્યાત્મનો વિજ્ઞાનમાં પ્રવેશ

પ્રકરણ - ૫

આજના તબક્કે જેમ ગંગાનો ધવલ પ્રવાહ અને યમુનાનો શ્યામ પ્રવાહ પ્રયાગક્ષેત્રે પરસ્પરને મળે અને એકબીજામાં પ્રવેશી જાય છે તેમ વિજ્ઞાન અને અધ્યાત્મના પ્રવાહો એકબીજામાં પ્રવેશી રહ્યાં છે. આ સંયોગ અને મિલન માનવવંશને ભવિષ્યમાં હિતકારી બની રહેવાનાં છે.

વિજ્ઞાનક્ષેત્રે અધ્યાત્મના પ્રવેશની શરૂઆત માનસશાસ્ત્રના અભ્યાસથી થઈ છે. જો કે શરૂઆતમાં વિજ્ઞાને પોતાનો બાહ્ય-વાસ્તવિકતાનો પ્રભાવનો આગ્રહ રાખેલો વર્તનવાદ (behaviourism)નો વિચાર પ્રવાહ એ તેનો જ પરિણામ છે. જેમ એમ માનવામાં આવે છે કે મન નામની વસ્તુ નથી. શરીર એક જૈવિક-યંત્ર છે અને તેમાંથી પસાર થતા વિદ્યુત પ્રવાહને લીધે શરીર હાલચાલ કરે છે, તેથી ફક્ત આ શરીરરૂપી યંત્રના બાહ્યવર્તનનો અભ્યાસ કરી તેના નિશ્ચિત પ્રકારો શોધી કાઢવાનું કામ જ માનસશાસ્ત્રનું છે. ધીમે ધીમે વિજ્ઞાનનો આ અત્યાગ્રહ મોળો પડતો ગયો અને આજનું માનસશાસ્ત્ર માન્ય થયું જે મનનાં ત્રણ સ્તરો માન્ય કરે છે :

(૧) જાગૃત મન (૨) અર્ધ-જાગૃત મન અને (૩) સુષુપ્ત મન

વિજ્ઞાન કહે છે કે અર્ધજાગૃત મન આ જન્મનાં ગત અનુભવોના સંસ્કારનો ભંડાર છે. જ્યારે સુષુપ્તમન સમગ્રવંશના ગત અનુભવોના સંસ્કારોનો ભંડાર છે. તેમાંથી નિર્માણ થતી સહજ-પ્રેરણાઓને લીધે સુગ્રીવપક્ષી શીખ્યા વગર પોતાનો વિશિષ્ટ પ્રકારનો માળો પહેલા જ પ્રયત્ને યશસ્વી રીતે બાંધી શકે છે. જન્મેલું વાછરડું દૂધ પીવા માતાના સ્તન શોધે છે અને બિલાડી પોતાના પંજાની ગાદીથી પોતાની આંખો સાફ કરતી દેખાય છે. વાંદરાઓ એકબીજાની લીખો વીણે છે. આ વસ્તુઓ તેમને શીખવવી પડતી નથી.

સારાંશ વારસાગત મન આપણને મળતું હોય છે જે ઉપર જણાવેલા સંસ્કારો સ્મૃતિ તરીકે ધારણ કરી રાખે છે.

આ જ અધ્યાત્મશાસ્ત્રનો વિજ્ઞાનક્ષેત્રે પ્રવેશ છે. અધ્યાત્મ કહે છે કે વારસામાં

માનસિક-ચેતના પણ આપવામાં આવે છે, ફક્ત શારીરિક રંગરૂપ નહિ. મૃત્યુબાદના આ માનસિક-ચેતનાના અસ્તિત્ત્વની શોધમાંથી પરામાનસશાસ્ત્રનો જન્મ થયો.

આ પછી વિજ્ઞાનક્ષેત્રે અધ્યાત્મનો પ્રવેશ મળ્યો. આઈન્સ્ટાઈનનાં સાપેક્ષતાવાદ સ્વરૂપે આઈન્સ્ટાઈનના મતે મૂળ એક જ તત્ત્વ છે જે જડ પદાર્થ પણ બની શકે છે અને શક્તિસ્વરૂપે પણ રહી શકે છે. તેથી શક્તિનું રૂપાંતર જડપદાર્થમાં થવું શક્ય છે અને તે પ્રમાણ $E=Mc^2$ના સૂત્રથી જણાવેલ છે. પદાર્થ ગતિ પકડે છે ત્યારે તેનું રૂપાંતર શક્તિમાં થવા લાગે છે.

અધ્યાત્મ જણાવે છે કે પેલા મૂળ પદાર્થને અમે આત્મતત્ત્વ કહીએ છીએ તે જ જડપદાર્થ અને વિશ્વ-શક્તિઓ સ્વરૂપે પ્રગટ થાય છે. અમે કહીએ છીએ કે તે જ જગતરૂપે પ્રગટ થઈ રહ્યું છે.

વિજ્ઞાનનો કૉન્ટમ-સિદ્ધાંતે તો અણુનાં વિભાજનથી તેનું રૂપાંતર અણુશક્તિમાં થાય છે એ વસ્તુ પુરવાર કરી આપી છે. અણુમાં ન્યુટ્રોન, પ્રોટોન અને ઈલેક્ટ્રોન પરમાણુ છે. તે પૈકી ન્યુટ્રોન એ.સી. વિદ્યુત કરંટ ધરાવે છે. પ્રોટોન્સ ધનવિદ્યુતપ્રવાહ અને ઈલેક્ટ્રોન્સ ૠણ-વિદ્યુત-પ્રવાહ. પ્રોટોન્સ અને ઈલેકટ્રોન્સ બન્ને તેથી ડી.સી. કરંટ ધરાવે છે. એ.સી.કરંટ એટલે એવો કરંટ જે વારાફરતી ધન અને ૠણ-વિદ્યુત-પ્રવાહો છોડે છે. ન્યુટ્રોન અણુના કેન્દ્રમાં હોવાથી તેમાંથી નીકળતા વારાફરતી ધન અને ૠણ વિદ્યુતથી પ્રોટોન્સ અને ઈલેક્ટ્રોન્સ જે ફક્ત ધન અને ફક્ત ૠણ વિદ્યુત પ્રવાહો ધારણ કરે છે તે વારાફરતી કેન્દ્ર તરફ આકર્ષાય છે અને બહાર ફંગોળાય છે કારણ સમાન વિદ્યુત પ્રવાહમાં અપસરણ અને વિરુદ્ધ વિદ્યુત-પ્રવાહમાં આકર્ષણ થતું હોય છે. આને કારણ અણુમાં સતત પરમાણુઓનું વલોણું ચાલતું હોય છે, સ્પંદન-ચાલતું હોય છે; જે અણુવિદ્યુત નિર્માણ કરે છે. આ અણુ-વિદ્યુત જ ચુંબકશક્તિ, ગુરુત્વાકર્ષણ-શક્તિ વગેરે સ્વરૂપે પ્રગટ થઈને આ અખિલ બ્રહ્માંડનું સંચાલન કરતી હોય છે.

પ્રશ્ન એ થાય છે કે દરેક અણુમાં આ જે સૂક્ષ્મ પાવરહાઉસ છે જે વિદ્યુત નિર્માણ કરવાનું કાર્ય કરે છે તે કોણે રચી ? શું તે ફક્ત અકસ્માત છે અને અકસ્માત હોય તો દરેક અણુમાં સમાન સ્વરૂપે શા માટે થાય છે ?

અધ્યાત્મ શાસ્ત્ર એમ જણાવે છે કે ચેતના-શક્તિ જ આ બધું આયોજન કરે છે. પણ તે પડદા પાછળ રહીને કરે છે. રાસાયણિક ક્રિયાઓ અને આણ્વિક ક્રિયાઓનો મુખવટો તેણે ધારણ કરેલો છે. જો વિજ્ઞાન રાસાયણિક-પ્રક્રિયાઓનો

ભેદ પોતાની રીતે ઉકેલશે તો તેમને જણાશે કે સમગ્ર બ્રહ્માંડનું જ એક સુષુપ્ત મન છે જે આ ક્રિયાઓની પાછળ છે. તે આપણને સુષુપ્ત લાગે છે કારણ આપણે તે પ્રદેશના ક્રિયાકલાપોને સમજ્યા નથી. તે આપણા જાગૃતમનના ક્ષેત્રની બહારની ઘટનાઓ આજના તબક્કે લાગે છે. પણ ભવિષ્યમાં તેમની જાણકારી બનતા તે આપણા જાગૃતમનનો જ ભાગ બની જશે. આવા સુષુપ્તમનને જાગૃતમનના પ્રદેશ સાથે જોડી દેવો એ જ યોગ છે. યોગ એટલે જોડવું.

જ્યારે આ ઘટના વાસ્તવિક બનશે ત્યારે આજના મનની બધી મર્યાદાઓ ભાંગી પડશે અને મનના ઊર્ધ્વ પ્રદેશમાં રહેલી મેઘાશક્તિ આગળ આવીને મનનો કબજો લેશે. શ્રી અરવિંદ આને જ અતિમનસ-શક્તિ કહે છે. મેધાશક્તિ અને માનસિક બુદ્ધિના વચ્ચેના પ્રદેશને ''પ્રજ્ઞા'' કહેવામાં આવે છે. તેને જ્ઞાન આંતરપ્રેરણાથી મળે છે, પણ કેવી રીતે મળ્યું તે તે જાણતી નથી. તેને તર્કસંગત વિચાર કરવાની જરૂર જણાતી નથી. માનવવંશનું બુદ્ધિનું પ્રમાણ અમુક તબક્કાના વિકાસ પછી મેધાના પ્રદેશમાં પ્રવેશી જશે અને દરેક માનવ આંતર-પ્રેરણાથી (Intuition) જ્ઞાન મેળવવા સક્ષમ બનશે. ત્યારે તેને બાહ્ય પ્રયોગોની બહુ જરૂર નહિ રહે. જરૂર રહેશે ફક્ત પોતાના જ્ઞાને વ્યવહારિક બનાવવાની. વિજ્ઞાનની મોટી શોધો આવા મેધા-શક્તિના હસ્તક્ષેપથી જ થએલી જણાય છે.

વિશ્વવિજ્ઞાન દ્વારા પણ અધ્યાત્મ-શાસ્ત્રે વિજ્ઞાનમાં પ્રવેશ મેળવેલ છે. અધ્યાત્મશાસ્ત્રનો એક મહત્ત્વનો કોયડો છે આ વિશ્વ કેવી રીતે રચાયું અને તેનો મૂળ હેતુ શો છે। આ પ્રશ્નનો પૂવાર્ધનો જવાબ વિશ્વવિજ્ઞાન આપવાનો પ્રયત્ન કરે છે પણ અંતે એક મુદ્દા ઉપર આવીને અટકી જાય છે. વિસ્ફોટને કારણે (Big Bang Theory) વિશ્વ સર્જનની પ્રક્રિયા થઈ પણ આ વિસ્ફોટ થવાનું કારણ તેમાંનાં ઈંધન જ્વલનપ્રક્રિયા છે, જેનું અમુક તબક્કા સુધીના જ્વલનથી નિર્માણ થએલા આંતરિક અવકાશને પૂરવા તેના બાહ્ય કવચ ઉપર દબાણ આવ્યું. તે દબાણથી વિસ્ફોટ થયો. આ બધા સ્પષ્ટીકરણો માન્ય કરવા છતાં એક પ્રશ્ન અનુત્તરિત રહે છે. તે વાયુ ગોલમાંનો વાયુ કોણે નિર્માણ કર્યો ? તેમાં જ્વલન કોણે શરૂ કર્યું ? તે નૈસર્ગિક - પ્રક્રિયા છે એ તેનો સમાધાનકારક જવાબ નથી. કારણ વિજ્ઞાનીઓ નિસર્ગને યાંત્રિક નિર્જીવ યંત્રણા ગણે છે, સભાન ચેતના નહિ.

અધ્યાત્મશાસ્ત્ર જણાવે છે કે આ બધી વૈશ્વિક-કક્ષાની પ્રક્રિયા પાછળ સભાન પ્રજ્ઞા-શક્તિનું સંચાલન હોય છે, જેનો હેતુ છે આત્મતત્ત્વને અનંતરૂપે પ્રગટ કરવું. અભાન, યાંત્રિક નૈસર્ગિક-પ્રક્રિયાઓ પણ આંતરિક રીતે સભાન આત્માની જ

આયોજનબદ્ધ આવિર્ભાવ-પ્રક્રિયાનો જ ભાગ હોય છે. તે જડ તત્ત્વો પોતે અભાન હોવાથી આ દોરીસંચાર જાણતા નથી. તેમાં અર્ધસભાન મનસ્તત્વ પણ હજી બીજ સ્વરૂપે જ રહેલ છે. વિકાસ પામેલું નથી. વિશ્વ - વિકાસનો તેથી જ અભાનનો અંધારપટ ચાલુ રહે છે. આ અભાન પણ આયોજન-બદ્ધ વિકાસ તેની પાછળ રહેલ સચેતન આત્મતત્ત્વનો પુરાવો જ છે.

વિશ્વ-વિજ્ઞાનમાં જે કોસ્મિક-રેઝ અથવા યુનિવર્સલ રેઝ (વિશ્વકિરણો)નો જે અભ્યાસ કરવામાં આવે છે તે ફક્ત તારાઓમાં થતું ઉત્સર્જન-રેડીએશન માત્ર નથી, પણ સભાન પ્રકાશ શક્તિસ્વરૂપ હોય છે. તે પ્રકાશસ્વરૂપ હોવાથી તેમને 'દેવો' કહે છે. દિવ એટલે પ્રકાશ અને દિવ્ય, દેવ એટલે પ્રકાશિત ચેતના. પ્રકાશમય અસ્તિત્વ. તે સભાનતાનો પ્રકાશ હોય છે.

આજના વિજ્ઞાને હજી ક્ષ-કિરણ, આલ્ફા, બીટા, થીટા, ગામા, અલ્ટ્રા વાયોલેટ અને ઈન્ફ્રા રેડ એવા કોસ્મિક-કિરણો શોધી કાઢ્યા છે. વેદોમાં તેમને બાર આદિત્યો (દ્વાદશ આદિત્યાઃ) તરીકે વર્ણવેલ છે. વિજ્ઞાન તેમને અચેતન શક્તિ ગણે છે. અધ્યાત્મ તેને સચેતન શક્તિ ગણે છે. બન્નેનો સંગમ ભવિષ્યમાં અવશ્યંભાવી છે.

આવી રીતે ઘણા ક્ષેત્રે વિજ્ઞાનમાં અધ્યાત્મના સિદ્ધાંતો પુરવાર થવાની અણી પર છે એમ લાગે છે.

જ્યારે વિજ્ઞાનને અધ્યાત્મનો અથવા અધ્યાત્મને વિજ્ઞાનનો આધાર મળશે ત્યારે માનવ-વંશનો સુવર્ણયુગ આવશે એમ લાગે છે.

## મહાશક્તિનું સંચાલન

મગજના અસહ્ય દુઃખાવાની વચ્ચે પણ દિવસના તમામ કાર્યો સરળતાથી કર્યા. જાણે કે આ બધો વ્યવહાર મગજ વગર બને છે. અને એ કરે છે કોંક. મગજના અસહ્ય દુઃખાવાની ઉપર જાણે કોઈક મહાશક્તિ બેઠેલી છે અને એ મારું ધ્યાન રાખી રહી છે એવું સતત ભાન રહે છે.

આ સ્થિતિ પળવાર ખસી જાય એટલે તરત જ દુન્યવી વિચાર ધસી પડે અને તરત જ ડૉક્ટર દવા, આરામ, કંટાળો, એ બધું એકી સાથે ધસમસતું આવે. વળી પાછી પેલી શક્તિમાં શ્રદ્ધા પરોવું એટલે આ બધા કરેલાં વિચારોમાં મને મારું ગાંડપણ જ લાગે. અને પેલા વિચારો અચાનક જ અદૃશ્ય થઈ જાય છે. **-ભૂપેન્દ્ર ત્રિવેદી**



**શ્રી અરવિંદ**

ભારત-આત્મા-સુજાગરઃ, સંસ્કૃતિ-નિષ્ઠા વિવર્ધકઃ ।
ક્રાંતિયજ્ઞ ઉદ્ઘોષકઃ, મહાકાવ્ય સુલેખકઃ ॥



## આદિ સંકલ્પ

પ્રભુ પોતે સચ્ચિદાનંદરૂપ, ખોળે પોતાની જાત,
વિવિધ પાસાં પ્રગટાવવા, ધરે રૂપોની ભાત.

ધરતીને પસંદ કરી, વરણ તેનું કહેવાય,
તે દિવસને 'અહ' કહ્યો, વરાહયુગ શરૂ થાય.

સન્મય, ચિન્મય આનંદમય, વિવિધ લોક ને જીવ,
અનંતવિધ સૃષ્ટિ રચી, કરે આત્મરમણા સજીવ.

વિવિધાનંદ સ્વાનંદભુક્, ચિન્મય ને સ્વલીન,
અહેતુકી લીલા કરે પણ, કર્મ-સિદ્ધાંતને આધિન.

ધરતીના ભાગ્ય ખુલ્યાં, તમસ-અચેતનનો ભંગ,
ઉત્ક્રાંતિનાં ફાગ ખીલ્યાં, દશાવતારનો એ રંગ.

જગતજનની કાર્યરત થયાં, દેહ-ઘટમાં નિવાસ,
જાણ તે ગર્ભગૃહ (ગરબો) બન્યું, આંતરપ્રકાશ પ્રભાત.

---


સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા.૧૦૦.૦૦ વિદેશમા : ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH